ગાંધીનગર, ભાવનગરથી પ્રસિધ્ધ થતું દૈનિક
R.N.I. No. GUJ GUJ/2009/30710
E-mail, gandhinagartoday@yahoo.in

# ગાંધીનગર ટુ ડે

Gandhinagar today
web site : www.gandhinagartoday.com
તંત્રી : રાજેશ જે મણીયાર
મો.૯૪૨૬૯૧૭૭૦૦

માલીક - મુદ્રક - પ્રકાશક : રાજેશ જસવંતરાય મણીયાર ★ મુદ્રણ સ્થાન : રાજ પ્રિન્ટર્સ, પ્લોટ નં. એફ-૧૩, રૂવાપરી રોડ, ભાવનગર ખાતેથી છાપી ૭૦૪, અખબાર ભવન, સેક્ટર-૧૧, ગાંધીનગર ખાતેથી પ્રકાશિત કર્યુ.
★ વર્ષ : ૧૩ ★ અંક : ૧૭૫★ તા. ૦૧-૦૭-૨૦૨૦ ★ કિંમત ૨-૦૦ ★ વાર : બુધવાર ★ પાના : ૪ ★ પ્રકાશન સ્થળ : ૭૦૪, અખબાર ભવન, સેક્ટર-૧૧, ગાંધીનગર ★ તંત્રી : રાજેશ જે. મણીયાર

# નવેમ્બર સુધીમાં ૮૦ કરોડ લોકોને મફત અનાજ મળશે

## વડાપ્રધાન મોદીની રાષ્ટ્રને નામ સંબોધનમાં કરી મોટી જાહેરાત : ગરીબોના ઘરમાં ચુલો સળગતો રાખવા માટે ગરીબ પરિવારને દર મહિને ૫ કિલો ઘઉં અથવા ૫ કિલો ચોખા અને એક કિલો દાળ પણ આપવામાં આવશે

નવી દિલ્હી, તા. ૩૦

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ કોરોના સંકટ અને ચીન સાથે તણાવ વચ્ચે દેશના નામે સંબોધન કર્યુ હતું. દેશમાં કોરોનાના કહેર વચ્ચે આ છઠ્ઠી વખત છે જ્યારે વડાપ્રધાન મોદીએ દેશને સંબોધન કર્યુ હતું. પીએમ મોદીએ કહ્યું કે, કોરોના સામે લડતા ભારતમાં ૮૦ કરોડ લોકોને ત્રણ મહિનાનું રાશન મફત આપવામાં આવ્યુ છે. જ્યારે દરેક પરિવારને દર મહિને એક કિલો દાળ પણ આપવામાં આવી છે. નવેમ્બર સુધી ગરીબ પરિવારોને દર મહિને ૫ કિલો ઘઉં અથવા ૫ કિલો ચોખા અને એક કિલો દાળ પણ આપવામાં આવશે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ કહ્યું કે, કોરોના વૈશ્વિક મહામારી વિરૂદ્ધ લડતા લડતા અમે અનલોક-૨માં પ્રવેશ કરી રહ્યા છીએ અને અમે તે હવામાનમાં પણ પ્રવેશ કરી રહ્યા છીએ જ્યા શરદી, તાવ શું થાય છે જેને કારણે કેસ વધી જાય છે એવામાં મારી દેશવાસીઓને પ્રાર્થના છે કે આવા સમયમાં પોતાનું ધ્યાન રાખો. જ્યારથી દેશમાં અનલોક-૧ થયુ છે વ્યક્તિગત અને સામાજિક વ્યવહારમાં બેદરકારી વધતી જઈ રહી છે. ૨૦ સેકન્ડ સુધી હાથ ધોવાને લઈને સતર્ક પરંતુ આજે જ્યારે વધુ સતર્ક રહેવાની જરૂર છે ત્યારે બેદરકારી વધવી ચિંતાનું કારણ છે. લોકડાઉન દરમિયાન ઘણી ગંભીરતાથી નિયમોનું પાલન કરવામાં નથી આવ્યુ. હવે સરકારોએ સ્થાનિક સંસ્થાઓએ, દેશના નાગરીકોએ ફરી તે રીતની સતર્કતા બતાવવાની જરૂર છે. વિશેષ કરીને કન્ટેનમેન્ટ ઝોનમાં વધુ ધ્યાન આપવુ પડશે. જે પણ લોકો નિયમોનું પાલન નથી કરી રહ્યા. અમારે તેમણે ટોકવા પડશે, રોકવા પડશે અને સમજાવવા પડશે. એક દેશના વડાપ્રધાન પર ૧૩ હજાર રૂપિયાનો દંડ એટલા માટે લાગ્યો કારણ કે તે સાર્વજનિક સ્થળે માસ્ક પહેર્યા વગર ગયા હતા. ભારતમાં પણ સ્થાનિક તંત્રએ આ રીતની કડકાઈથી કામ કરવુ જોઈએ. ભારતમાં ગ્રામનો પ્રધાન હોય કે દેશનો વડાપ્રધાન કોઈ પણ નિયમોથી ઉપર નથી. લોકડાઉન દરમિયાન દેશની સર્વોચ્ચ પ્રાથમિકતા રહી છે. એવી સ્થિતિ ના આવે કે કોઈ ગરીબના ઘરમાં ચુલો ના સળગે. કેન્દ્ર સરકાર હોય, રાજ્ય સરકાર હોય, સિવિલ સોસાયટીના લોકો હોય તમામે પુરો પ્રયાસ કર્યો છે કે આટલા મોટા દેશમાં અમારા કોઈ ગરીબ ભાઈ-બહેન



ભૂખો ના ઉંઘે. દેશ હોય કે વ્યક્તિ સમયપર નિર્ણય લેવાથી, સંવેદનશીલતાથી નિર્ણય લેવાથી કોઈપણ મુકાબલો કરવાની શક્તિ અનેક ઘણી વધી જાય છે. લોકડાઉન હોવા છતા પણ સરકાર પ્રધાનમંત્રી ગરીબ કલ્યાણ મંત્રી યોજના લઈને આવી છે. ગરીબો માટે પોણા ૨ લાખ કરોડનું પેકેજ આપવામાં આવ્યુ છે. ૩ મહિનામાં ૨૦ કરોડ ગરીબ પરિવારોના જનધન ખાતામાં સીધા ૩૧ હજાર કરોડ રૂપિયા જમા કરવામાં આવ્યા છે. આ દરમિયાન ૯ કરોડથી વધુ ખેડૂતોના બેન્ક ખાતામાં ૧૮ હજાર કરોડ રૂપિયા જમા થયા છે. આ સાથે જ ગામમાં શ્રમિકોને રોજગાર આપવા માટે પ્રધાનમંત્રી ગરીબ કલ્યાણ રોજગાર અભિયાન તેજ ગતિથી આરંભ કરી દેવામાં આવ્યુ છે. અમેરિકાની કુલ જનસંખ્યાથી અઢી ઘણા વધુ લોકોને બ્રિટનની જનસંખ્યાથી ૧૨ ઘણા વધુ લોકોને અને યુરોપિયન યૂનિયનની બે ઘણાથી વધુ લોકોને અમારી સરકારે મફત અનાજ આપ્યુ છે. આજે હું તેનાથી જોડાયેલી એક મહત્વપૂર્ણ જાહેરાત કરવા જઈ રહ્યો છું. અમારે ત્યા વર્ષાઋતુ દરમિયાન અને તે બાદ મુખ્ય રીતે કોઈ વિસ્તારમાં એગ્રીકલ્ચર સેક્ટરમાં વધુ કામ થાય છે. અન્ય બીજા સેક્ટરોમાં થોડી સુસ્તી રહે છે. જુલાઈથી ધીમે ધીમે તહેવારોનો માહોલ બનવા લાગે છે.

## નિયમોનો ભંગ કરનારને ટોકવા, રોકવા, સમજાવવાની જરૂર: મોદી

નવી દિલ્હી, તા. ૩૦

કોરોના લોકડાઉનમાં મંગળવારના પોતાના છઠ્ઠા દેશજોગ પ્રવચનમાં વડાપ્રધાન મોદીએ જોકે, ચીન અંગેના ઘર્ષણનો કોઈ ઉલ્લેખ કર્યો નહોતો. આમ જનતામાં એવી ધારણા હતી કે હાલમાં લદાખ સીમાએ જે ઘર્ષણ ચાલી રહ્યું છે તે અંગે મોદી કંઈક કહેશે જોકે, તેમણે એક શબ્દ ચીન વિશે કહ્યો નહોતો. વડાપ્રધાને સંબોધનમાં કહ્યું કે અનલોક-૧ બાદ દેશમાં લોકોએ ખૂબ જ બેદરકારી દર્શાવી છે જે ચિંતાનો વિષય છે. તેમણે કહ્યું કે જો કોરોનાના કારણે મોતને ભેટેલા લોકોની સંખ્યાને જોઈએ તો દુનિયાના અનેક દેશોની સરખામણીએ ભારત ઘણી સારી સ્થિતિમાં છે. સમયસર લાગુ કરવામાં આવેલા લોકડાઉનના કારણે તેમજ અન્ય જરૂરી નિર્ણયો સમયસર લઈ લેવાના કારણે ભારતમાં લાખો લોકોનો જીવ બચાવી શકાયો છે, પરંતુ જ્યારથી દેશમાં અનલોક-૧ લાગુ કરવામાં આવ્યું છે ત્યારથી વ્યક્તિગત અને અને સામાજિક વ્યવહારમાં લોકો બેદરકારી દર્શાવી રહ્યા છે. આપણે હજી પણ માસ્ક પહરેવા, સોશિયલ ડિસ્ટન્સિંગ જાળવવું, ૨૦ સેકન્ડ સુધી હાથ ધોવા વગેરે જેવી બાબતો પર ખૂબ જ સતર્કતા દાખવવી જરૂરી છે.

**લોકડાઉન સમયસર લાગુ કરાયું હોવાનો દાવો કર્યો, ચીનના ઘર્ષણ અંગે કોઈ ઉલ્લેખ ન કરતા લોકો અચંબિત**

# ન્યુઝ ઈન બ્રીફ

## કોરોનાની ખતરનાક સ્થિતિ આવવાની બાકી : WHO

ન્યૂયોર્ક, તા. ૩૦

કોરોના મહામારીને લીધે ઠપ પડેલી દુનિયાના મોટાભાગના દેશો હવે કોઈપણ સ્થિતિ સામે લડીને સક્રિય થવાની રાહ પર છે ત્યારે વિશ્વ સ્વાસ્થ સંગઠને કોરોના વાયરસની ખતરનાક સ્થિતિ આવી શકવાની ચેતવણી આપી છે.એકતરફ દુનિયાભરના દેશો હવે કોરોના મહામારી અને લોકડાઉનને લીધે આર્થિક તંગી જેવી મુસીબતોનો સામનો કરી રહ્યા છે. મોટા ભાગના દેશોમાંથી કરોડો લોકો નોકરી-વેપાર ગુમાવી બેઠા છે અને કંગાળ સ્થિતિનો સામે હારી બેઠા છે. દુનિયા ઘણા દેશો હજુ કોરોના મહમારી અને તેના ફેલાતા સંક્રમણ સામે લડી રહ્યા હોવાને લીધે લોકડાઉન લંબાવવાની તૈયારી કરી રહ્યા છે, તો ઘણા દેશો એવા છે જે કોરોના સંક્રમણની ચેઈન તોડી નથી શક્યા પરંતુ લોકડાઉનને લીધે ઠપ થયેલી અર્થવ્યવસ્થાને સક્રિય બનાવવા માટે લોકડાઉન ખોલી રહ્યા છે. આવી ગંભીર સ્થિતિ વચ્ચે વિશ્વ સ્વાસ્થ સંગઠને ખુલી રહેલા લોકડાઉનને લઈને ચેતવણી જાહેર કરી છે કે કોરોના વાયરસની ખતરનાક સ્થિતિ આવી શકવાની આશંકા છે, કારણ કે કોરોના મહામારી સામે જ્યાં સુધી વિશ્વભરના દેશો એકજૂટ થઈ જંગ નહીં લડે ત્યાં સુધી કોરોના મહામારી દેશોને શિકાર બનાવતુ રહેશે.

## અહેમદ પટેલની ઈડી દ્વારા ૪ દિવસમાં બીજી વાર પૂછતાછ

નવી દિલ્હી, તા. ૩૦

સાંડેસરા બંધુઓના બેન્ક કૌભાંડ અને મની લોન્ડરિંગ કેસમાં એનોફોર્સમેન્ટ ડિરેક્ટરોટે કોંગ્રેસના વરિષ્ઠ નેતા અહેમદ પટેલની ચાર દિવસમાં બીજી વખત પૂછપરછ કરી છે. અહેમદ પટેલની તેમના દિલ્હીના ઘરે મંગળવારે પૂછપરછ કરવામાં આવી રહી હતી. ઈડીના ત્રણ સભ્યોની ટીમ મંગળવારે સવારે ૧૦.૩૦ કલાકે અહેમદ પટેલના મધ્ય દિલ્હીના લુટયન્સ સ્થિત ૨૩ મધર ટેરેસા ક્રેસન્ટ હોમ ખાતે પહોંચી હતી. અગાઉ શનિવારે પણ મની લોન્ડરિંગ કેસમાં કોંગ્રેસના ટોચના નેતાને ઈડીના અધિકારીઓએ સવાલ-જવાબ કર્યા હતા. મંગળવારે સવારે ઈડીના અધિકારીઓ માસ્ક અને ગ્લોવ્ઝ પહેરીને અહેમદ પટેલના ઘરે પહોંચ્યા હોવાનું જણાયું હતું. પ્રવર્તમાન કોરોના વાયરસ મહામારીને પગલે અહેમદ પટેલે કેન્દ્રની ગાઈડલાઈનને ટાંકીને જણાવ્યું હતુ કે તેઓ વરિષ્ઠ નાગરિક હોવાથી ઈડી કાર્યાલય પર આવી શકે તેમ નથી. ઈડી દ્વારા તેમને બે વખત પૂછપરછ માટે સમન્સ પાઠવવામાં આવ્યું હતું. ૨૭ જૂનના શનિવારે ઈડીએ આ કેસમાં અહેમદ પટેલની આશરે આઠ કલાક પૂછપરછ કરી હતી. અધિકારીઓના મતે વડોદરાની સ્ટર્લિંગ બાયોટેકના પ્રમોટરો સાંડેસરા બંધુઓના મની લોન્ડરિંગ કેસમાં શનિવારે અહેમદ પટેલનું નિવેદન નોંધવામાં આવ્યું હતું.

## શેરઈટ અને ઝેન્ડરના મુકાબલા માટે સજ્જ છે ભારતીય એપ્સ

નવી દિલ્હી, તા. ૩૦

ભારતે ચીન પર ડિજિટલ પ્રતિબંધ લાદ્યો છે. આખરે ભારતે એ નિર્ણય લીધો જે ભારત લેવા માંગતું નહતું. ભારત સરકારે ભારતમાં ૫૯ ચીની એપ્સ પર પ્રતિબંધ મૂક્યો છે. ભારત અને ચીન વચ્ચે છેલ્લા ઘણા મહિનાઓથી વિવાદચાલે છે. છેલ્લા કેટલાક દિવસોમાં લદાકમાં થયેલા હુમલાને કારણે ભારતના ઘણા સૈનિકો શહીદ થયા છે, ત્યારબાદ ભારતમાં ચીની એપ્સ પર પ્રતિબંધ મૂકવાની માગ ખૂબ ઝડપથી થઈ છે. હવે આખરે ભારતે આ સખત નિર્ણય લીધો છે. ભારતે ચીનની ૫૯ એપ્સ પર પ્રતિબંધ મૂક્યો છે. આ એપ્સમાં ટિકટોક, હેલો અને યુસી બ્રાઉઝર સહિત કુલ ૫૯ એપ્સ છે. ટિકટોક એ એક એવી એપ્સ છે જે ભારતમાં ચીન કરતાં વધુ લોકપ્રિય બની છે. ભારતમાં ઘણા લોકો ટિકટોક જુએ છે અને ટિકટોક વીડિયો બનાવે છે. એક રિપોર્ટ અનુસાર ટિકટોકની તેની કમાણીનો ૧૦% હિસ્સો ભારતમાંથી આવે છે. આવી સ્થિતિમાં, આ એપના પ્રતિબંધને કારણે ચીનને નોંધપાત્ર નુકસાન થશે. ટિકટોક પછી શેરઈટ એ ચાઈનીઝ એપ્લિકેશન છે, જેનો ભારતમાં ઘણો ઉપયોગ કરવામાં આવે છે.

# મોદી ચીનનું નામ લેતાં પણ ડરી રહ્યા છે : સોનિયા ગાંધી



**મોદીના પ્રજા જોગ સંબોધન બાદ કોંગ્રેસના પ્રહાર : લદ્દાખમાંથી ક્યારે ચીનનાં સૈનિકોને પાછાં કાઢશો તેવો કોંગ્રેસના નેતા રાહુલ ગાંધીનો મોદીને સણસણતો સવાલ**

નવી દિલ્હી, તા. ૩૦

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ દેશને સંબોધન કરતાં કોરોના મહામારી અને અનલોકની વિસ્તારપૂર્વક વાત કરી પણ તેમના સંબંધોનમાં ભારત-ચીન ઘર્ષણનો કોઈ ઉલ્લેખ નહોતો. આ અંગે કોંગ્રેસ પ્રમુખ સોનિયા ગાંધીએ વડાપ્રધાન મોદીની આકરી ઝાટકણી કાઢી હતી અને કહ્યું હતુ કે, વડાપ્રધાન આ તબક્કે ચીનની ટીકા કરવાનું પણ ભૂલી ગયા. પોતાના સંબોધનમાં ચીનનો ઉલ્લેખ કરતાં પણ મોદી ડરી રહ્યા છે. સોનિયાએ એમ પણ જણાવ્યું કે, પીએમ મોદીના સંબોધનમાં કોઈ સરકારી જાહેરાત હોવી જોઈતી હતી. કોંગ્રેસના નેતા રાહુલ ગાંધીએ સવાલ કર્યો હતો કે, વડાપ્રધાન મોદી ચીનની સેનાને ભારતીય સરહદમાંથી ક્યારે પાછી હટાવશે એ તેમણે દેશને કહેવું જોઈએ. રાહુલ ગાંધીએ એમ પણ કહ્યું કે, કોરોના અને અર્થવ્યવસ્થાને લઈને તેમણે પીએમ નરેન્દ્ર મોદીને સૂચન કર્યા છે. રાહુલે કહ્યું કે કોરોનાથી અર્થવ્યવસ્થાને મોટો ફટકો પડ્યો છે. તેનાથી સૌથી વધારે નુકસાન ગરીબ પરીવાર, મજૂર અને મધ્યમવર્ગને થયુ છે. સરકાર ન્યાય યોજના જેવી એક સ્કીમ લાવે. તે વધારે લાંબી ન હોય, છ મહિના માટે હોય. તે અંતર્ગત ગરીબ પરીવારના ખાતામાં રૂ. ૭૫૦૦ દર મહિને જમા કરે. રાહુલે કહ્યું કે તેનાથી ડિમાન્ડ વધશે અને અર્થવ્યવસ્થા ફરી પાટા ઉપર ચઢશે. કોંગ્રેસે તેના ટ્વીટર એકાઉન્ટ પર એક તસવીર શેર કરી છે જેમાં ચીન વિશે એવું લખવામાં આવ્યું છે કે ચીન, ભારતની સરહદમાં ૪૨૩ મીટર સુધી ઘૂસી આવ્યું છે. સોનિયાએ એમ પણ કહ્યું હતું કે ભારતને એવા નેતાની જરુર છે જે અસફળતાનો સ્વીકાર કરે અને જેમાં સુધારાની સંભાવનાઓ બચી હોય.

# ચીનને જડબાતોડ જવાબ આપવા ગલવાન ઘાટીમાં ભારતે T-90 ટેન્ક તૈનાત કરી

## ૧૫૫ એમએમ હોવિત્ઝરની સાથે ઈન્ફેન્ટરી યુદ્ધ વાહનોને એલએસી પર તૈનાત કરાયા

(જી.એન.એસ.)ન્યુ દિલ્હી,તા.૩૦

પૂર્વ લદ્દાખમાં સરહદ ઉપર વિવાદને લઈને ભારત-ચીન વચ્ચે સતત વાતચીતનો દોર ચાલી રહ્યો છે. ચીન આ વિવાદને વાતચીત દ્વારા ઉકેલવાનો આગ્રહ વ્યક્ત કરી રહ્યું છે, જો કે તે ચાલબાજી કરવામાંથી પણ પાછળ હટી રહ્યું નથી. ચીનની પીઠમાં છરો ભોંકવાની ટેવથી પરિચિત ભારત પણ તેને હળવાશમાં લેવા માંગતુ નથી અને સરહદ પર ગલવાનવેલી ખાતે તમામ પરિસ્થિતિનો સામનો કરવા સજ્જ છે. ભારતે ગલવાન સેક્ટરમાં છ ટી-૯૦ ટેક્રો તૈનાત કરી છે.



ભારતીય લશ્કરે સરહદ પર ટી-૯૦ ભીષ્મ ટેક્રોને ખડકવાનો નિર્ણય ચીનની પીપલ્સ લિબરેશન આર્મીની કેટલીક હિલચાલને ધ્યાનમાં રાખીને કર્યો છે. ચીને ગલવાન વેલી ખાતે અનેત સ્થળે નિર્માણ કામગીરી હાથ ધરી છે. લશ્કર એલએસી પાસે પોતાના ક્ષેત્રની અંદર મુખ્ય ઊંચાઈવાળા સ્થાને હથિયારો તૈનાત કરી રહ્યું છે.

૧૫૫ એમએમ હોવિત્ઝરની સાથે ઈન્ફેન્ટરી યુદ્ધ વાહનોને પૂર્વ લદ્દાખમાં ૧૫૯૭ કિ.મી. લાંબી એલએસી પર તૈનાત કરાયા છે. ચીન તરફથી કોઈપણ ખતરાનો સામનો કરવા ચુશુલ સેક્ટરમાં પણ સેનાએ બે ટેક્રો તૈનાત કરી દીધી છે. ચીનની સેના આ ક્ષેત્રમાંથી એલએસીથી પરત જવા માટે સોદાબાજી કરવાનો પ્રયાસ કરી રહી છે. ભારતીય લશ્કરે પોતાનું વલણ સ્પષ્ટ જણાવતા કહ્યું છે કે તે એક ઈંચ જમીન પણ છોડશે નહીં.

લશ્કરના કમાંડરોના મતે ભારત સરહદને લઈને લંબાયેલા વિવાદ પર સંપૂર્ણ રીતે તૈયાર છે. બીજીતરફ ચીન જો કોઈ પગલું ભરે છે તો ભારત પણ જડબાતોડ જવાબ આપવા સંપૂર્ણ રીતે સજ્જ છે. ચીનની સેનાએ પૂર્વ લદ્દાખમાં માર્શલ આર્ટ્સની તાલીમ આપેલા સૈનિકોને તૈનાત કરવાનો પ્રોપોગેન્ડા અખત્યાર કર્યો છે. જ્યારે હકીકતમાં વર્તમાન પરિસ્થિતિમાં ભારતીય જવાનોની સામે ટક્કરમાં ઊભા રહેવું ચીનના સૈનિકો માટે મુશ્કેલ છે. ૧૯૮૪ પછી ભારતીય સેનાને ઊંચાઈ ધરાવતા સ્થળો પર યુદ્ધ માટે તાલીમબદ્ધ કરવામાં આવ્યા છે.

# 24 કલાકમાં નવા 18522 કેસ, 418 દર્દીઓનાં મોત

## દિવસે ને દિવસે ચિંતાજનક રીતે વકરતો કોરોનો : દેશમાં વાયરસના કેસ વધીને ૫,૬૬,૮૪૦ સુધી પહોંચ્યા કુલ ૧૩,૦૯૯ સ્વસ્થ્ય થયા : એક્ટિવ કેસ ૨,૧૫,૧૨૫



નવી દિલ્હી, તા. ૩૦

ભારતમાં પણ કોરોના વાયરસનો કહેર સતત વધી રહ્યો છે. બે મહિનાના સખત લોકડાઉન બાદ તેમાં આપવામાં આવેલી છૂટછાટ બાદ કોરોનાનો કહેર દિવસેને દિવસે ખૂબ જ ઝડપથી વધી રહ્યો છે. સ્વાસ્થ્ય મંત્રાલયના આંકડા પ્રમાણે મંગળવારના રોજ દેશમાં કોરોના વાયરસના કુલ કેસ વધીને ૫૬૬૮૪૦ સુધી પહોંચી ગયા છે. છેલ્લા ૨૪ કલાક દરમિયાન કોરોનાના ૧૮૫૨૨ નવા કેસ નોંધાયા છે. ૨૪ કલાકમાં ૪૧૮ લોકોએ કોરોનાના કારણે પોતાનો જીવ ગુમાવ્યો છે. આ સાથે જ કોરોના વાયરસના કારણે મોતને ભેટનાર લોકોની સંખ્યા વધીને ૧૬૮૯૩ સુધી પહોંચી ગઈ છે. જેનાથી સ્પષ્ટ થાય છે કે મંગળવાર સવાર સુધીમાં દેશભરમાં કોરોના વાયરસના ૨૧૫૧૨૫ એક્ટિવ કેસ છે.એક સારી બાબત એ પણ છે કે ભારતમાં ધીમે ધીમે કોરોનાની બિમારીમાંથી સ્વસ્થ્ય થનારા લોકોની સંખ્યા પણ વધી રહી છે. ભારતમાં હવે કોરોના વાયરસનો રિકવરી રેટ ૫૯.૦૬ ટકા સુધી પહોંચી ગયો છે. દેશમાં છેલ્લા ૨૪ કલાકમાં ૧૩૦૯૯ લોકો સ્વસ્થ્ય થયા છે. આ સાથે જ આ આંકડો વધીને ૩૩૪૮૨૨ સુધી પહોંચી ગયો છે જે કોરોનાના એક્ટીવ કેસ કરતાં વધારે થઈ ગઈ છે. મહારાષ્ટ્રમાં અત્યાર સુધીમાં કોરોના વાયરસના કુલ ૧૬૮૮૩ કેસ નોંધાયા છે જ્યારે ૭૬૧૦ લોકોએ પોતાના જીવ ગુમાવ્યા છે.

# મુંબઈની તાજ હોટલ ફરી વખત આંતકીઓના નિશાને



**૨૬/૧૧ના હુમલાને ટાંકવામાં આવ્યો : કરાચીથી હોટલમાં ફોન આવતા સુરક્ષા જડબેસલાક કરાઈ**

મુંબઈ, તા. ૩૦

દેશની આર્થિક રાજધાની મુંબઈ વિશે એક મોટા સમાચાર છે. મુંબઈની તાજ હોટેલને બોમ્બથી ઊડાડી દેવાની ધમકી આપતો કોલ આવ્યો હતો. આ ફોન પાકિસ્તાનના કરાચીથી હોટલમાં આવ્યો હતો. હાલમાં હોટલ અને તેની આસપાસના વિસ્તારમાં સુરક્ષા વધારી દેવામાં આવી છે. મુંબઈ પોલીસે કહ્યું, ગઈકાલે પાકિસ્તાનના કરાચીથી તાજ હોટલને બોમ્બથી ઊડાડી દેવાનો ફોન આવ્યો ત્યારબાદ હોટલ અને આસપાસના વિસ્તારોમાં સુરક્ષા કડક બનાવવામાં આવી છે. મળતી માહિતી મુજબ આ ફોન પાકિસ્તાનથી તાજ હોટલમાં આવ્યો હતો. જેમાં એક વ્યક્તિએ કહ્યું, કરાચી સ્ટોક એક્સચેંજ પર થયેલા આતંકવાદી હુમલાની સાક્ષી દરેક વ્યક્તિ છે. હવે તાજ હોટેલમાં ૨૬/૧૧ જેવો હુમલો ફરી એકવાર થશે. આ ફોન અંગેની માહિતી તાત્કાલિક મુંબઈ પોલીસને આપવામાં આવી હતી. જે બાદ પોલીસે સુરક્ષા વધુ કડક કરી દીધી છે. રાતોરાત પોલીસ અને હોટલ સ્ટાફે સુરક્ષા વ્યવસ્થાની તપાસ કરી હતી. ત્યારથી, અહીં આવતા મહેમાનો પર નજર રાખવામાં આવી રહી છે.

# કોરોનાની દવા કોરોનીલ અંગે પતંજલિની પલટી

## સરકારી પૂછતાછમાં પતંજલિ આયુર્વેદે કબૂલાત કરી : કોઈ દવા બનાવી ન હોવાનું કહ્યું : અમે ક્યારેય કોરોનાની દવા બનાવ્યાનો દાવો કર્યો જ નથી : પતંજલિની સ્પષ્ટતા

હરિદ્વાર, તા. ૩૦

કોરોનિલ દવા પર પતંજલિ આયુર્વેદે સરકારી પૂછતાછમાં પલટી મારી છે. ઉત્તરાખંડ આયુષ વિભાગ દ્વારા મળેલી નોટિસના જવાબમાં પતંજલિએ કહ્યું કે તેમણે કોરોના માટેની કોઈ દવા બનાવી જ નથી. તાજેતરમાં જ યોગગુરૂ બાબા રામદેવ અને આચાર્ય બાલકૃષ્ણની હાજરીમાં કોરોનિલ દવાનું લોન્ચિંગ કરવામાં આવ્યું હતું. આયુષ મંત્રાલયની નોટિસના કારણે ચારેય તરફથી ઘેરાઈ જવા બાદ કોરોનાની દવા બનાવી લેવાના પોતાના દાવાથી સ્વામી રામદેવની પતંજલિ કંપનીએ યૂ ટર્ન મારી લીધો છે. ઉત્તરાખંડના આયુષ વિભાગે મોકલેલી નોટિસના જવાબમાં પતંજલિ તરફથી કહેવામાં આવ્યું છે કે તેમણે ક્યારેય કોરોના વાયરસની દવા બનાવવાનો દાવો કર્યો જ નથી. અમે તો એવી દવા બનાવી છે કે જેનાથી કોરોનાના દર્દીઓ સ્વસ્થ્ય થઈ રહ્યા છે. પતંજલિ આયુર્વેદના અધ્યક્ષ આચાર્ય બાલકૃષ્ણનું કહેવું છે કે, પતંજલિ આયુર્વેદ હજી પણ પોતાના દાવા અને દવા પર સ્થિર છે. અમે ક્યારેય કોરોનાની દવા બનાવવાનો કોઈ દાવો કર્યો જ નથી. સરકારની ગાઈડલાઈન અનુસાર પરવાનગી લઈને અમે જે દવા બનાવી છે તેનાથી કોરોનાના દર્દીઓ સ્વસ્થ્ય થઈ શક્યા છે.

## કંઈક કરવાની ઈચ્છાશક્તિ હોવી જોઈએ...તો બધી વસ્તુઓ શક્ય છે



વાત છે પાટાફળીયાનાં એક વડીલનો જેમને વહીવટતંત્રનો સાથ ન મળતાં જાતે લાકડાંઓની મદદથી નહેર પર રસ્તો બનાવ્યો. જેનાં ઉપર પલાસટિક પાથરી તથા ગ્રાવલ નાંખીને રસ્તો તૈયાર કર્યો છે. આ પુલનું નામ તેમણે "આત્મનિર્ભર પુલક" આપ્યું છે.તેમણે જણાવ્યું હતું કે,મારા પ્રિય મિત્રો તથા ગામજનો આત્મનિર્ભર બનો. બીજાનાં સહારે જીવવાનું છોડી દો. વાંસદા ગામના પાટા ફળિયામાં નહેર ઉપર નાળું નહીં મૂકી આપતા જયેન્દ્રભાઈ એ જાતે પોતે "આત્મનિર્ભર" પુલકું બનાવી જન્મ દિવસની ઉજવણી કરી.

# ગત ૨૪ કલાકમાં જિલ્લામાં ૧૦ નવા પોઝીટીવ કેસો નોંધાયા જ્યારે ૨ દર્દી બન્યા કોરોનામુક્ત

**જિલ્લામાં હાલ ૨૫૭ કેસોની સામે ૭૯ દર્દીઓ સારવાર હેઠળ**
**જિલ્લામાં આજ સુધીમાં કુલ ૯,૬૬૯ કોરોના સેમ્પલની ચકાસણી કરાઈ**

ભાવનગર, તા.૨૯

ભાવનગર જિલ્લામા આજરોજ ૧૦ નવા કોરોના પોઝીટીવ કેસ નોંધાતા જિલ્લામા કોરોના પોઝીટીવ કેસોની સંખ્યા ૨૫૭ થવા પામી છે. ભાવનગરના એશીયન પાર્ક, કાળીયાબીડ ખાતે રહેતા ૪૧ વર્ષીય અરવિંદભાઈ ઈટાલીયા, પટેલ પાર્ક-૧, કાળીયાબીડ ખાતે રહેતા ૪૨ વર્ષીય ગીતાબેન ઈટાલીયા, ક્રિષ્ના સોસાયટી, કાળીયાબીડ ખાતે રહેતા દંપતી ૫૨ વર્ષીય અલ્કાબેન શેઠ અને ૫૪ વર્ષીય ભુપતભાઈ શેઠ, કુંભારવાડા ખાતે રહેતા ૬૭ વર્ષીય ઈસાભાઈ મગરેબી, ભાવનગરમા નર્સિંગ હોસ્ટેલ ખાતે રહેતા ૨૩ વર્ષીય શિતલ સોલંકી, મહુવાના ભાદ્રા ખાતે રહેતા ૩૨ વર્ષીય રાજેશભાઈ સીસારા, શિહોરના એશીયન પાર્ક, કંસારા બજાર ખાતે રહેતા ૪૫ વર્ષીય જયેશભાઈ કંસારા, વલ્લભીપુરના ફુલવાડી ખાતે રહેતા ૭૦ વર્ષીય ચમનભાઈ દલવાડીયા અને બુધેલ ગામ ખાતે રહેતા ૪૬ વર્ષીય રમેશભાઈ મોરીનો કોરોના રીપોર્ટ પોઝીટીવ આવતા તેમને વધુ સારવાર માટે ભાવનગર શહેરની સર તખ્તસિંહજી જનરલ હોસ્પિટલ ખાતે આઈસોલેશન વોર્ડમા દાખલ કરવામા આવેલ છે.

જ્યારે આજરોજ ૨ કોરોના પોઝીટીવ દર્દી કોરોનામુક્ત થતા તેને હોસ્પિટલમાંથી રજા અપાઈ છે. જેમા ગત તા.૨૦ જુનના રોજ બોટાદના મોતી વાડી ખાતે રહેતા ૬૮ વર્ષીય મંજુલાબેન ચુડાસમા અને તા.૨૦ જુનના રોજ સિહોરના વાલ્મિકીવાસ ખાતે રહેતા ૫૫ વર્ષીય દેવુબેન નૈયાનો રીપોર્ટ પોઝીટીવ આવતા તેમને વધુ સારવાર માટે ભાવનગર શહેરની સર તખ્તસિંહજી જનરલ હોસ્પિટલ ખાતે આઈસોલેશન વોર્ડમા દાખલ કરવામા આવેલ. ત્યારબાદ ભારત સરકારની નવી માર્ગદર્શિકા પ્રમાણે આ બન્ને દર્દીઓની આરોગ્ય ચકાસણી કરતા અને તેઓ માર્ગદર્શિકાના માપદંડો પ્રમાણે સ્વસ્થ જણાતા આ બન્ને દર્દીઓને આજરોજ હોમ આઈસોલેશનમા રહેવા માટે હોસ્પિટમાથી રજા આપવામા આવી હતી. આ બન્ને દર્દીઓએ હોસ્પિટલામાથી ડિસ્ચાર્જ થયા બાદ ૭ દિવસ સુધી ફરજીયાત હોમ આઈસોલેશનમા રહેવાનુ રહેશે.

આમ જિલ્લામા નોંધાયેલા ૨૫૭ કેસ પૈકી હાલ ૭૯ દર્દીઓ સારવાર હેઠળ છે. જ્યારે અત્યાર સુધીમા કુલ ૧૬૧ દર્દીઓને ડિસ્ચાર્જ કરવામા આવ્યા છે. સરકારશ્રીની નવી માર્ગદર્શીકા પ્રમાણે જિલ્લામા ૧૩ દર્દીઓનુ અવસાન થયેલ છે. જ્યારે ૩ દર્દીઓનુ કોરોનાની સાથે અન્ય બિમારીઓ હોવાના કારણે અવસાન થયેલ છે. જિલ્લામાં આજ સુધીમાં કુલ ૯,૬૬૯ કોરોના સેમ્પલની ચકાસણી કરવામા આવી છે.




## કાઠીયાવાડ ગાડલીયા લુહાર સમાજના યુવા પ્રમુખ દેવરાજ રાઠોડનો આજે જન્મદિવસ



નાની વયે મોટી નામના મેળવનાર વિરપુર ના રહીશ અને પત્રકાત્વ સાથે જોડાયેલા અને કાઠીયાવાડ ગાડલીયા લુહાર સમાજ ના યુવા પ્રમુખ એવાં દેવરાજ રાઠોડ નો આજે જન્મદિવસ છે વિચરતી અને વિમુક્ત જાતી ના લોકો ના ઉત્થાન માટે સતત કાર્યશીલ એવાં દેવરાજ રાઠોડ પોતાના ૨૫ વર્ષ પુર્ણ કરીને ૨૬ માં વર્ષ માં પ્રવેશ કરી રહ્યા છે સમાજ ના બેઘર લોકોને આશરો મળે તે માટે તેમના દ્વારા ઉચ્ચસ્તરીય રજૂઆતો પણ કરવામાં આવી છે અને તેના ઘણા પરીણામો થી બે ઘર લોકો લાભાવન્તિ બન્યા છે વીરપુરમાં રહીને પણ સમગ્ર ગુજરાત ને કાર્યક્ષેત્ર બનાવનાર આ યુવાનની મહેનત અને ધગશ બંને કાબીલેદાદ છે હાલમાં તેઓ કાયદાકીય અભ્યાસ કરી રહ્યા છે તદઉપરાંત સરકારી અધિકારી તરીકે સરકાર જોબ મેળવી તેઓ તેમના સમાજ ના વિકાસ માટે ભવિષ્યમાં કાર્ય કરવા ઈચ્છે છે. તેમના ૨૬ માં જન્મદિવસ નિમિત્તે મિત્ર વર્ગ, સમાજ ના અગ્રણીઓ, સામાજીક અગ્રણીઓ,રાજકીય નેતાઓ, તેમજ અધિકારી વર્ગ અને બિન અધિકારી વર્ગ તેમના મોબાઈલ નંબર ૯૮૯૮૩૧૦૭૭૮ પર જન્મદિવસ ની શુભકામનાઓ નો વરસાદ વરસાવી રહ્યા છે.

# વેરાવળના કેરમાની (બરકાતીયા) રોડ ઉપર ઠેર ઠેર ગંદકીના ગંજ : રોગચાળા નો ભય


તસવીર-:- ઝુબેર કકાસિયા

ઝુબેર કકાસીયા - વેરાવળ

હાલ દેશ કોરોના સંકત સામે ઝઝુમી રહયું છે અને દેશ મા કોરોના વાયરસ ભયંકર સ્વરૂપ લઈ રહયો છે સાથો સાથ તકેદારી ના ભાગ રૂપે તંત્ર પણ પુરી રીતે સજાગ બન્યો છે પણ વેરાવળ વોર્ડ નંબર પાંચ નો મુખ્ય રોડ કેરમાની ઉપર ભારે ગંદકી નો ગંજ જોવા મળી રહયો છે એક જગ્યાએ સરકાર સ્વચ્છતા અને સાફસફાઈ રાખવા લોકો ને જાગૃત કરી રહી છે તો બીજી બાજુ આ ગંદકી ના ઢેર સરકાર ની મહેનત ઉપર પાણી ફેરવતું હોય તેવું લાગી રહયું છે હાલ એક તો કોરોના નો ભય અને બીજી બાજુ આ ગંદકી જેના કારણે ડેન્ગ્યુ. મલેરિયા.જેવી ગંભીર બીમારીઓ ફાટી નીકળવા નો ભય પણ આ વિસ્તાર ના લોકો ને સતાવી રહયો છે સાથે આવનાર સમય મા ચોમાસા ની સીઝન ચાલુ થાય છે અને જો સમય રહેતા આ ગંદકી સાફ કરી અને તેની જગ્યા જંતુ નાસક દવા નો છટકાવ નહીં કરવામાં આવે તો ઘરે ઘરે માંદગી ના ખાટલા જોવા મળશે તેવી ભય ની ભીતિ આ વિસ્તારના ના લોકો મા સેવાય રહી છે જેથી જવાબદાર તંત્ર સજાગે જાગે અને આ પ્રસ્ન નુ વહેલી તકે નિકાલ કરવામાં આવે તેવી લોક માંગ ઉઠવા પામી છે.

# તળાજા પાલીતાણા રોડ પર આવેલા ઠાડસ ગામે વિજળી પડતાં ભેંસ નુ મોત



મથુર ચૌહાણ - બોરડા

તળાજા પાલીતાણા રોડ પર આવેલા ઠાડસ ગામે મેઢા રોડ પર આવેલ વાડીમાં ભરતભાઈ નરશીભાઈ શિયાળ ની માલિકી ની ભેંસ બાવળ ના ઝાડ સાથે બાંધેલ હતી વિજળી પડતાં ભેંસ નુ મોત નીપજ્યું હતું અને બાવળ નુ ઝાડ પણ ફાટી ગયુ હોવાનું જાણવા મળ્યું હતું લોકો ઘટના સ્થળે દોડી ગયા હતા અને તંત્ર ને જાણ કરી હતી.

# માણાવદરના જાંબુડા રોણકીમાં પાંચ ઈંચ વરસાદ

જીજ્ઞેશ પટેલ - માણાવદર

માણાવદર પંથકમાં આકાશમાં પ્રચંડ કડાકા ભડાકા ગર્જના બાદ શહેરમાં વરસાદ ચાલું થયો હતો જેને જોત જોતામાં જાંબુડા તથા રોણકી ગામ બાજુ ૨ થી ૩ ઈંચ વરસાદ એક કલાકમાં વરસાદી માહોલ ઝંઝાવાતી બનીને પ્રચંડ કડાકા ભડાકા ગર્જના એ સમગ્ર પંથકને ધ્રુજાવી દીધું હતું જોત જોતામાં રીતસર અનરાધાર વરસાદે સમગ્ર પંથક જાંબુડા રોણકી બાજુ ના વિસ્તાર ને ધમરોળી નાંખ્યું એક કલાકમાં પાંચ થી વધુ વરસાદ થી ચેકડેમો નદીઓ બેફામ પાણીથી છલકાયા જાંબુડા જવાનો રસ્તો બંધ કરી દીધો ત્યાંથી બધુ જ પાણી છલકાય ને શહેરના સૌથી લાંબા વિસ્તાર એવા રસાલા ડેમ



જે કોરો ધાકોડ હતો પરંતુ આસપાસ તો ધોડાપુર આવીને ચેકડેમો સ્મશાન પાછળ નો ચેકડેમ અતિભારે પ્રવાહથી વહીને રસાલા ડેમ ને ભરી દિધો હતો

લોકોએ અચાનક આવેલા ધોડાપુર થી સફાળા જાગી ગયા હતા કેમકે વરસાદ ના પ્રથમ વખતના ધોડાપુર પૂર જોવાની આહલાદક વાતાવરણ મા ઠંડક ગરમીમાં રાહત સાથે અનેરો નજારો હતો તો વેળવા માં સાડા ચાર ઈંચ વરસાદ થી પાણીની નદીઓ વોંકળા બેફામ વહીને જીલાણાના પાદરમાં પહોચ્યા સણોસરા ૩.૫ ઈંચ ગળવાવ ૪.૫ ઈંચ વરસાદથી ભાલેચડા ગારી વહી હતી શહેરમાં માત્ર ૨૮ એમ એમ વરસાદ નોંધાયો હતો ગ્રામ્ય વિસ્તાર માં ભારે વરસાદ થી નાના મોટા ચેકડેમો માં ભારે પાણી આવ્યા ખેતરો જળબંબાકાર થઈ ઉઠયા છે.


॥ રોકાણકારોની શ્રધ્ધા અતૂટ.... અને વિશ્વાસનું પ્રતિક ॥

**ઈન્વેસ્ટમેન્ટ પોઈન્ટ**

Stock Market Trading Consultancy

www.nikhilbhatt.in



નિખિલ ભટ્ટ
Research Analyst - SEBI
+91 99793 80808

તા.૦૧.૦૭.૨૦૨૦ ના રોજ સ્ટોક માર્કેટ ટ્રેડીંગ સંદર્ભે....

**નિફ્ટી ફ્યુચર તેજી સંદર્ભે ૧૦૩૭૩ પોઈન્ટ મહત્વની સપાટી....!!!**

- તા.૩૦.૦૬.૨૦૨૦ ના રોજ નિફ્ટી ફ્યુચર બંધ ભાવ @ ૧૦૨૫૮ પોઈન્ટ :-
  આગામી સંભવિત નિફ્ટી ફ્યુચર ૧૦૧૬૦ પોઈન્ટના પ્રથમ અને ૧૦૧૩૦ પોઈન્ટના અતિ મહત્વના સ્ટ્રોંગ સ્ટોપલોસે ટ્રેડીંગ સંદર્ભે ૧૦૩૦૩ પોઈન્ટ થી ૧૦૩૪૭ પોઈન્ટ, ૧૦૩૭૩ પોઈન્ટની અતિ મહત્વની સપાટીને સ્પર્શી શકે તેવી સંભાવના ધરાવે છે. નિફ્ટી ફ્યુચરમાં ૧૦૩૭૩ પોઈન્ટ આસપાસ સાવધાનીપૂર્વક પોઝિશન બનાવવી....!!!
- તા.૩૦.૦૬.૨૦૨૦ ના રોજ બેન્ક નિફ્ટી ફ્યુચર બંધ ભાવ @ ૨૧૨૪૧ પોઈન્ટ :-
  આગામી સંભવિત બેન્ક નિફ્ટી ફ્યુચર ૨૧૬૭૬ પોઈન્ટના પ્રથમ અને ૨૧૮૦૮ પોઈન્ટના અતિ મહત્વના સ્ટ્રોંગ સ્ટોપલોસે ટ્રેડીંગ સંદર્ભે ૨૧૦૮૮ પોઈન્ટ થી ૨૦૯૩૦ પોઈન્ટ, ૨૦૮૦૮ પોઈન્ટ ની અતિ મહત્વની સપાટીને સ્પર્શી શકે તેવી સંભાવના ધરાવે છે. ૨૧૮૦૮ પોઈન્ટ આસપાસ સાવધાનીપૂર્વક પોઝિશન બનાવવી....!!!

**હવે જોઈએ અંગત અભિપ્રાયરૂપી ફ્યુચર સ્ટોક.....**

- ડીવી'ઝ લેબ ( ૨૨૭૭ ) :- ફાર્મા ગ્રુપની અગ્રણી આ કંપનીના શેરનો ભાવ હાલમાં રૂ.૨૨૪૪ આસપાસ પ્રવર્તી રહ્યો છે. રૂ.૨૨૩૦ ના સ્ટોપલોસથી ખરીદવાલાયક આ સ્ટોક ટૂંકા સમયગાળે રૂ.૨૩૦૩ થી રૂ.૨૩૧૮ નો ભાવ નોંધાવે તેવી શક્યતા છે...!! રૂ.૨૩૩૦ ઉપર તેજી તરફી ધ્યાન...!!!
- HDFC લિ. ( ૧૭૪૧ ) :- ટેકનીકલ ચાર્ટ મુજબ રૂ.૧૭૨૩ આસપાસ પોઝીટીવ બ્રેકઆઉટ...!! રૂ.૧૭૦૭ ના સપોર્ટથી ખરીદવાલાયક આ સ્ટોક રૂ.૧૭૬૭ થી રૂ.૧૭૮૦ નો ભાવ નોંધાવે તેવી સંભાવના છે...!!!
- કોટક બેન્ક ( ૧૩૪૮ ) :- રૂ.૧૩૨૩ નો પ્રથમ તેમજ રૂ.૧૩૦૮ ના બીજા સપોર્ટથી બેન્ક રોકાણલક્ષી આ સ્ટોક રૂ.૧૩૬૭ થી રૂ.૧૩૭૫ સુધીની તેજી તરફી રૂખ નોંધાવશે...!!!
- ઓરબિન્દો ફાર્મા ( ૭૬૬ ) :- ફાર્મા સેક્ટર નો આ સ્ટોક ટૂંકા ગાળે ટ્રેડીંગલક્ષી રૂ.૭૭૮ થી રૂ.૭૮૭ ના ભાવની સંભાવના ધરાવે છે...!! અંદાજીત રૂ.૭૪૭ નો સ્ટોપલોસ ધ્યાને લેવો...!!!
- સન ફાર્મા ( ૪૭૧ ) :- રૂ.૦૧ ની ફેસવેલ્યુ ધરાવતા ફન્ડામેન્ટલ સ્ટ્રોંગ આ સ્ટોક રૂ.૪૫૭ ના સ્ટોપલોસ આસપાસ ખરીદવાલાયક ફાર્મા સેક્ટર ના આ સ્ટોકમાં તેજી તરફી રૂ.૪૮૪ થી રૂ.૪૯૦ આસપાસ નફાલક્ષી ધ્યાન ઉત્તમ...!!!
- એશિયન પેઈન્ટ ( ૧૬૮૩ ) :- ટેકનીકલ ચાર્ટ મુજબ પેઈન્ટ સેક્ટર નો આ સ્ટોક રૂ.૧૭૦૮ આસપાસ નફારૂપી વેચવાલી થકી રૂ.૧૬૬૦ થી રૂ.૧૬૪૪ ના ટાર્ગેટ ભાવની શક્યતા ધરાવે છે. ટ્રેડીંગલક્ષી રૂ.૧૭૧૭ નો સ્ટોપલોસ ધ્યાને લેવો...!!!
- HDFC બેન્ક ( ૧૦૫૫ ) :- રૂ.૧૦૭૩ આસપાસ ઓવરબોટ પોઝીશન નોંધાવના આ સ્ટોક રૂ.૧૦૮૦ ના સ્ટોપલોસે વેચવાલાયક...!! નબક્કાવાર રૂ.૧૦૨૩ થી રૂ.૧૦૦૯ નો ભાવ દર્શાવે તેવી સંભાવના છે...!! રૂ.૧૦૯૭ ઉપર તેજી તરફી ધ્યાને લેશો...!!!
- લાર્સન લિ. ( ૯૪૦ ) : કન્સ્ટ્રક્શન સેક્ટરનો આ સ્ટોક છેતરામણા ઉછાળે રૂ.૯૭૩ ના સ્ટોપલોસથી વેચાણલાયક...!! પ્રત્યાઘાતી ઘટાડે રૂ.૯૧૯ થી રૂ.૯૦૯ ના ભાવની સપાટી આસપાસ નફો બુક કરવો...!!!
- માઈન્ડટ્રી લિ. ( ૯૧૬ ) :- ટેકનીકલ ચાર્ટ મુજબ ટેકનોલોજી સેક્ટરનો આ સ્ટોક રૂ.૯૩૩ આસપાસ નફારૂપી વેચવાલી થકી રૂ.૯૦૩ થી રૂ.૮૮૮ ના ટાર્ગેટ ભાવની શક્યતા ધરાવે છે. ટ્રેડીંગલક્ષી રૂ.૯૪૦ નો સ્ટોપલોસ ધ્યાને લેવો...!!!
- TVS મોટર ( ૩૭૫ ) :- રૂ.૩૮૮ આસપાસ ઓવરબોટ પોઝીશન નોંધાવના આ સ્ટોક રૂ.૩૯૪ ના સ્ટોપલોસે વેચવાલાયક આ સ્ટોક નબક્કાવાર રૂ.૩૬૩ થી રૂ.૩૫૦ નો ભાવ દર્શાવે તેવી સંભાવના છે...!! રૂ.૪૦૪ ઉપર તેજી તરફી ધ્યાને લેશો...!!!

**લેખક સેબી રજીસ્ટર્ડ રીસર્ચ એનાલીસ્ટ અને ઈન્વેસ્ટમેન્ટ પોઈન્ટ ના પ્રોપરાઈટર છે.**
**ખાસ નોંધ : - ડિસ્ક્લેમર / પોલીસી / શરતો www.nikhilbhatt.in ને આધીન...!!!**


# સોના-ચાંદીના વાયદાના ભાવમાં એકંદરે વૃદ્ધિ: ક્રૂડ તેલમાં ઘટાડો: કોટનમાં તેજી

**કપાસ, સીપીઓમાં નરમાઈ: મેન્થા તેલમાં નોમિનલ સુધારો: પ્રથમ સત્રમાં રૂ. ૮૯૬૦ કરોડનું ટર્નઓવર**

**ડેઈલી માર્કેટ રિપોર્ટ - નૈમીષ ત્રિવેદી**



મુંબઈ: વિવિધ કોમોડિટી વાયદા અને ઓપ્શન્સમાં મળીને પ્રથમ સત્રમાં એમસીએક્સ પર ૧૪૩૬૧૮ સોદામાં રૂ. ૮૯૬૦.૩૦ કરોડનું ટર્નઓવર નોંધાયું હતું, જેમાં કોમોડિટી વાયદાઓનો હિસ્સો રૂ. ૮૮૨૯.૩૧ કરોડનો અને ઓપ્શન્સનો હિસ્સો રૂ. ૧૩૦.૯૯ કરોડનો રહ્યો હતો. કોમોડિટી વાયદાઓમાં કીમતી ધાતુઓમાં સોના-ચાંદીના વાયદાના ભાવમાં એકંદરે વૃદ્ધિ થઈ હતી. એનર્જી સેગમેન્ટમાં ક્રૂડ તેલ ઘટવા સામે નેચરલ ગેસ વધી આવ્યું હતું. કૃષિ કોમોડિટીઝમાં કોટનમાં તેજી સામે કપાસ અને સીપીઓ નરમ રહ્યા હતા, જ્યારે મેન્થા તેલમાં નોમિનલ સુધારો વાયદાના ભાવમાં થયો હતો.

કોમોડિટી વાયદાઓમાં કીમતી ધાતુઓમાં સોના-ચાંદીના વાયદાઓમાં કુલ ૫૯૨૮૦ સોદાઓમાં રૂ. ૪૪૬૫.૧૨ કરોડનાં કામકાજ થયાં હતાં. સોનાના વાયદાઓમાં એમસીએક્સ સોનું ઓગસ્ટ વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ. ૪૮૨૭૦ ખૂલી, ઊપરમાં રૂ. ૪૮૪૧૮ અને નીચામાં રૂ. ૪૮૨૨૮ ના મથાળે અથડાઈ પ્રથમ સત્રનાં અંતે રૂ. ૯૧ વધીને રૂ. ૪૮૩૩૫ બંધ રહ્યો હતો. ગોલ્ડ-ગિની જૂન કોન્ટ્રેક્ટ પ્રથમ સત્રનાં અંતે રૂ. ૧૩ વધીને ૮ ગ્રામદીઠ રૂ. ૩૯૨૯૪ અને ગોલ્ડ-પેટલ જૂન કોન્ટ્રેક્ટ પ્રથમ સત્રનાં અંતે રૂ. ૨૧ ઘટીને ૧ ગ્રામદીઠ રૂ. ૪૮૯૦ થયા હતા, જ્યારે સોનું-મિની જુલાઈ વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ. ૨૨૨ વધીને બંધમાં રૂ. ૪૮૪૧૬ ના ભાવ રહ્યા હતા.

ચાંદીના વાયદાઓમાં ચાંદી જુલાઈ કોન્ટ્રેક્ટ કિલોદીઠ રૂ. ૪૮૨૯૫ ખૂલી, ઊપરમાં રૂ. ૪૮૫૫૦ અને નીચામાં રૂ. ૪૮૨૯૫ ના સ્તરને સ્પર્શી પ્રથમ સત્રનાં અંતે રૂ. ૩૧૯ વધીને રૂ. ૪૮૪૪૨ બંધ રહ્યો હતો. ચાંદી-મિની જૂન રૂ. ૩૯૩ વધીને રૂ. ૪૮૭૫૬ અને ચાંદી-માઈક્રો જૂન રૂ. ૧૨૩ વધીને રૂ. ૪૮૫૦૫ બંધ રહ્યા હતા.

એનર્જી સેગમેન્ટમાં કુલ ૬૬૫૯૬ સોદાઓમાં રૂ. ૨૩૫૮.૫૭ કરોડનો ધંધો થયો હતો. ક્રૂડ તેલ જુલાઈ કોન્ટ્રેક્ટ બેરલદીઠ રૂ. ૨૯૮૯ ખૂલી, ઊપરમાં રૂ. ૨૯૯૩ અને નીચામાં રૂ. ૨૯૫૬ બોલાઈ પ્રથમ સત્રનાં અંતે રૂ. ૨૫ ઘટીને રૂ. ૨૯૭૫ બંધ રહ્યો હતો.

કૃષિ કોમોડિટીઝમાં ૨૯૩૨ સોદાઓમાં કુલ રૂ. ૨૮૮.૨૬ કરોડનાં કામકાજ થયાં હતાં. કોટન જૂન વાયદો ગાંસડીદીઠ રૂ. ૧૫૫૯૦ ખૂલી, ઊપરમાં રૂ. ૧૫૫૯૦ અને નીચામાં રૂ. ૧૫૫૯૦ સુધી જઈ પ્રથમ સત્રનાં અંતે રૂ. ૧૪૦ વધીને રૂ. ૧૫૫૯૦ ના સ્તરે બંધ રહ્યો હતો. સીપીઓ જૂન કોન્ટ્રેક્ટ ૧૦ કિલોદીઠ રૂ. ૭૦૪.૪ ખૂલી, પ્રથમ સત્રનાં અંતે રૂ. ૨.૧ ઘટીને બંધમાં રૂ. ૭૦૦.૭ ના ભાવ હતા, જ્યારે મેન્થા તેલ જૂન વાયદો કિલોદીઠ રૂ. ૯૮૨ ખૂલી, ઊપરમાં રૂ. ૯૮૨ અને નીચામાં રૂ. ૯૮૦ રહી, અંતે રૂ. ૯૮૦.૭ બંધ રહ્યો હતો. કપાસ એપ્રિલ વાયદો ૨૦ કિલોદીઠ રૂ. ૯૭૯.૫ ખૂલી, ઊપરમાં રૂ. ૯૯૦.૫ અને નીચામાં રૂ. ૯૭૯.૫ સુધી જઈ પ્રથમ સત્રનાં અંતે રૂ. ૧.૫૦ ઘટીને રૂ. ૯૮૪.૫ ના સ્તરે બંધ રહ્યો હતો.

વાયદાઓમાં કામકાજની દષ્ટિએ પ્રથમ સત્ર સુધીમાં સોનાના વિવિધ વાયદાઓમાં મળીને ૧૪૯૯૨ સોદાઓમાં કુલ રૂ. ૨૮૧૩.૯૩ કરોડ ની કીમતનાં ૫૮૨૧.૩૩૨ કિલો, ચાંદીના વિવિધ વાયદાઓમાં મળીને ૪૪૨૮૮ સોદાઓમાં કુલ રૂ. ૧૬૫૧.૧૯ કરોડ ની કીમતનાં ૩૩૫.૫૯૮ ટન, ક્રૂડ તેલમાં ૩૦૮૭૮ સોદાઓમાં રૂ. ૧૩૭૪.૮૩ કરોડનાં ૪૬૨૦૬૦૦ બેરલ્સ, કોટનમાં ૧૯૦ સોદાઓમાં રૂ. ૧૦.૭૬ કરોડનાં ૬૮૨૫ ગાંસડી, સીપીઓમાં ૨૬૩૬ સોદાઓમાં રૂ. ૨૬૮.૧૯ કરોડનાં ૪૦૮૫૦ ટન, મેન્થા તેલમાં ૬૫ સોદાઓમાં રૂ. ૮.૫૦ કરોડનાં ૮૫.૩૨ ટન, કપાસમાં ૪૧ સોદાઓમાં રૂ. ૮૦.૯૫ લાખનાં ૧૬૪ ટનના વેપાર થયા હતા.

ઓપન ઈન્ટરેસ્ટ પ્રથમ સત્ર સુધીમાં સોનાના વાયદાઓમાં ૨૧૩૫૨.૬૨૭ કિલો, ચાંદીના વાયદાઓમાં ૪૫૭.૫૯ ટન, ક્રૂડ તેલમાં ૫૧૩૦ બેરલ્સ, કોટનમાં ૧૧૩૪૦૦ ગાંસડી, સીપીઓમાં ૬૯૬૧૦ ટન, એલચીમાં ૧.૩ ટન, મેન્થા તેલમાં ૧૪૦.૪ ટન અને કપાસમાં ૩૫૬ ટનના સ્તરે રહ્યો હતો.

કોમોડિટી ઓપ્શન્સમાં કુલ રૂ. ૧૩૦.૯૯ કરોડનું ટર્નઓવર (નોશનલ) થયું હતું, જ્યારે પ્રીમિયમ ૨.૭૩ કરોડ નું રહ્યું હતું. ઓપ્શન્સના કુલ વોલ્યુમમાં કોલ ઓપ્શન્સનો હિસ્સો ૨૮.૨૩ ટકાનો અને પુટ ઓપ્શન્સનો હિસ્સો ૭૧.૭૭ ટકાનો હતો.

સોનાનાં ઓપ્શન્સમાં સૌથી વધુ સક્રિય રહેલા કોન્ટ્રેક્ટોમાં કોલ ઓપ્શન્સનો રૂ. ૪૯૦૦૦ ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો જુલાઈ કોન્ટ્રેક્ટ ૧૦ ગ્રામદીઠ રૂ. ૬૦૯.૫ ખૂલી, ઊપરમાં રૂ. ૬૬૯.૫ અને નીચામાં રૂ. ૬૦૪.૫ રહી પ્રથમ સત્રનાં અંતે રૂ. ૬૩૭.૫ બંધ રહ્યો હતો, જ્યારે પુટ ઓપ્શન્સમાં રૂ. ૪૬૦૦૦ ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો જુલાઈ કોન્ટ્રેક્ટ ૧૦ ગ્રામદીઠ રૂ. ૨૧૦.૫ ખૂલી, ઊપરમાં રૂ. ૨૨૫.૫ અને નીચામાં રૂ. ૧૯૨ રહી પ્રથમ સત્રનાં અંતે રૂ. ૨૦૧.૫ બંધ રહ્યો હતો.

ચાંદીનાં ઓપ્શન્સમાં સૌથી વધુ સક્રિય રહેલા કોન્ટ્રેક્ટોમાં કોલ ઓપ્શન્સનો રૂ. ૫૦૦૦૦ ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો ઓગસ્ટ કોન્ટ્રેક્ટ કિલોદીઠ રૂ. ૧૭૫૦ ખૂલી, ઊપરમાં રૂ. ૧૮૨૫ અને નીચામાં રૂ. ૧૭૫૦ રહી પ્રથમ સત્રનાં અંતે રૂ. ૧૭૯૧ બંધ રહ્યો હતો, જ્યારે પુટ ઓપ્શન્સમાં રૂ. ૪૮૦૦૦ ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો ઓગસ્ટ કોન્ટ્રેક્ટ કિલોદીઠ રૂ. ૧૫૯૯.૫ ખૂલી, ઊપરમાં રૂ. ૧૬૩૫.૫ અને નીચામાં રૂ. ૧૫૭૩ રહી પ્રથમ સત્રનાં અંતે રૂ. ૧૫૯૯.૫ બંધ રહ્યો હતો.

ક્રૂડ તેલનાં ઓપ્શન્સમાં સૌથી વધુ સક્રિય રહેલા કોન્ટ્રેક્ટોમાં કોલ ઓપ્શન્સનો રૂ. ૩૦૦૦ ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો જુલાઈ કોન્ટ્રેક્ટ બેરલદીઠ રૂ. ૧૭૦ ખૂલી, ઊપરમાં રૂ. ૧૭૭.૨ અને નીચામાં રૂ. ૧૫૭.૮ રહી પ્રથમ સત્રનાં અંતે રૂ. ૧૬૪.૮ બંધ રહ્યો હતો, જ્યારે પુટ ઓપ્શન્સમાં રૂ. ૨૯૦૦ ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો જુલાઈ કોન્ટ્રેક્ટ બેરલદીઠ રૂ. ૧૪૯.૬ ખૂલી, ઊપરમાં રૂ. ૧૬૦ અને નીચામાં રૂ. ૧૪૬.૧ રહી પ્રથમ સત્રનાં અંતે રૂ. ૧૫૩.૬ બંધ રહ્યો હતો.

# દાહોદ સહિત ચાર જિલ્લામાં કૃષિ વૈવિધ્યકરણ યોજનાનું ઈ-લોન્ચીંગ કરતા મુખ્યમંત્રી રૂપાણી

**દાહોદ જિલ્લાના ૧૯૫૦૦ વનબંધુ ખેડૂત લાભાર્થીઓને રૂ. ૬.૮૨ કરોડના ખાતર બિયારણની સહાય મળશે : સાંસદ જસવંતસિંહ ભાભોરે ઉપસ્થિત ખેડૂતોને કીટ વિતરણ કરી જિલ્લામાં યોજનાનો શુભારંભ કર્યો : ખેડૂતો કૃષિ વૈવિધ્ય સાથે આધુનિક ટેકનોલોજીનો ઉપયોગ કરે - સાંસદ જસવંતસિંહ ભાભોર**



અભેસિંહ રાવલ - દાહોદ

મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીએ આજે દાહોદ સહિત ચાર જિલ્લામાં કૃષિ વૈવિધ્યકરણ યોજનાનું ઈ-લોન્ચીંગ વિડિયો કોન્ફરન્સના માધ્યમથી કર્યું હતું. આ યોજના અંતર્ગત દાહોદ જિલ્લાના ૧૯૫૦૦ વનબંધુ ખેડૂત લાભાર્થીઓને રૂ. ૬.૮૨ કરોડના ખાતર બિયારણની સહાય રાજય સરકાર કરશે. આ ઈ-લોન્ચીંગ કાર્યક્રમમાં સાંસદ જસવંતસિંહ ભાભોરે દાહોદ જિલ્લાના ઉપસ્થિત આદિવાસી ખેડૂતોને આ સહાય-કીટનું વિતરણ કર્યુ હતું.

આ પ્રસંગે સાંસદ જસવંતસિંહ ભાભોરે જણાવ્યું કે, રાજય સરકાર આદિવાસી ખેડૂતોના વિકાસ માટે કટિબદ્ધ છે. જિલ્લાના દરેકે દરેક ખેડૂતની આવક બમણી થાય એ માટે સહિયારા પ્રયાસથી આગળ વધવાનું છે. વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ ખેડૂતોની આવક બમણી થાય એ માટે જે સ્વપ્ન સેવેલ છે તેને આપણે ચરીતાર્થ કરવાનું છે. આ માટે ખેડૂતો કૃષિ વૈવિધ્ય સાથે આધુનિક ટેકનોલોજીનો ઉપયોગ કરે તે ખૂબ જરૂરી છે.

તેમણે જણાવ્યું કે, આ યોજનાથી જિલ્લાના ૧૯૫૦૦ ખેડૂત લાભાર્થીઓને રૂ. ૬.૮૨ કરોડના ખાતર બિયારણ સહાયનો લાભ મળશે. જે અંતર્ગત દરેક લાભાર્થી ખેડૂતને ૪૫ કિલો યુરીયા, એન.પી.કે. ૫૦ કિલો, એમોનિયા સલ્ફેટ ૫૦ કિલો, મકાઈ બિયારણ ૮ કિલો આપવામાં આવશે, જેની કિંમત રૂ. ૩૫૯૮ થાય છે. જેની સામે લાભાર્થીને રૂ. ૫૦૦ નો ફાળો આપવાનો રહે છે. આ ઉચ્ચ ગુણવત્તાવાળા ખાતર બિયારણથી ખેડૂત મબલક પાક મેળવશે અને તેમની આવકમાં નોંધપાત્ર વધારો થશે.

સાંસદ ભાભોરે ખેડૂતોને સમયસર બિયારણ મળી જાય એ માટે યોજના સાથે જોડાયેલા અધિકારીઓને જરૂરી સૂચના અને માર્ગદર્શન આપ્યા હતા. સાથે કોરોના સંક્રમણના સમયમાં સામાજિક અંતર અને માસ્ક વગેરે નિયમોનું પણ ચુસ્ત પાલન થાય તેનું ધ્યાન રાખવા જણાવ્યું હતું.

કાર્યક્રમમાં દાહોદના નગરાળાના મહિલા ખેડૂત શ્રી દર્શનાબેન પરમારે પોતાના પ્રતિભાવ મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણી સમક્ષ વ્યક્ત કર્યા હતા. તેમણે રાજય સરકાર દ્વારા આદિવાસી ખેડૂતોના વિકાસ માટે કરવામાં આવી રહેલી કામગીરી માટે પોતાનો રાજીપો વ્યક્ત કર્યો હતો. સાંસદ જસવંતસિંહ ભાભોરે ઉપસ્થિત ખેડૂતોને કીટ વિતરણ કર્યુ હતું.

દાહોદ જિલ્લા સેવા સદન ખાતે વિડિયો કોન્ફરન્સના માધ્યમથી યોજાયેલા કાર્યક્રમમાં નગરપાલિકા પ્રમુખ અભિષેકભાઈ મેડા, જનપ્રતિનિધિ સુધીરભાઈ લાલપુરવાલા, પ્રાયોજના વહીવટદાર બી.ડી.નિનામા સહિતના અધિકારીઓ, જીએસએફસી એગ્રોટેકના પ્રતિનિધિ ડો. પૂજન વૈશ્નવ, રેણુ ભટ્ટ અને ખેડૂત લાભાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# ગાંધીનગર શહેર - જિલ્લાના પવિત્ર સ્થાનમાંથી માટી અને પવિત્ર જલ એકત્ર કરતું વીએચપી, બજરંગદળ



ગાંધીનગર તા. ૩૦

પવિત્ર અયોધ્યા નગરીમા ખૂબ જ લાંબા સમયની અડચણો બાદ રામજન્મ ભૂમિ પર સમગ્ર હિન્દુ સમાજના આરાધ્ય પ્રભુ શ્રી રામનું ભવ્ય મંદિર નિર્માણ થવા જઈ રહ્યું છે તે હિન્દુ ભાઈ બહેનો માટે ખૂબ જ આનંદ અને ગૌરવ ની વાત છે.

વિશ્વ હિન્દુ પરિષદે રામ મંદિર નિર્માણ માટે ખૂબ જ અગત્ય ની ભૂમિકા નિભાવી છે, હાલમાં જ્યારે પ્રભુ શ્રી રામ નું મંદિર નિર્માણ થવા જઈ રહ્યું છે ત્યારે વિશ્વ હિન્દુ પરિષદ દ્વારા સમગ્ર ભારત ભરમાંથી તા ૨૭ જૂન થી ૩૦ જૂન દરમ્યાન પવિત્ર તીર્થ સ્થાનો ની માટી તથા પવિત્ર નદીઓ ના નિર્મળ જળ એકત્રિત કરી અને મંદિર નિર્માણ માટે ઉપયોગ મા લેવા મા આવશે.

આ કાર્યક્રમ અંતર્ગત આજ રોજ તા. ૨૮/૬/૨૦૨૦ રવિવારે ગાંધીનગર જિલ્લાના પવિત્ર તીર્થ સ્થાનો ની પવિત્ર માટી અને જળ વિશ્વ હિન્દુ પરિષદ બજરંગદળ ના કાર્યકર્તાઓ દ્વારા અયોધ્યા રામમંદિર અર્થે એકત્રિત કરવામાં આવી.

ઉત્કંઠેશ્વર મહાદેવા વાત્રક નદી, નીલકંઠ મહાદેવ દહેગામ, ધોળેસવર માહાદેવ કલોલ તાલુકા પવિત્ર સ્થાન માણસા તાલુકા પવિત્ર સ્થાન ગાધીનગર શહેર પવિત્ર સ્થાન ગાધીનગર જીલ્લા ઘના પવિત્ર સ્થાન માટી પવિત્ર જલ એકત્ર કર્યુ ઉપરોક્ત કાર્યક્રમમા ,ગાધીનગર જીલ્લા બજરંગદળ પ્રમુખ શકિતસિહ ઝાલા,ગાધીનગર જીલ્લા મંત્રી નવીનભાઈ પટેલ, જીવરાજ ઠાકોર, કેતનભાઈ પટેલ, બ્રિજેશભાઈ પટેલ, અક્ષય પટેલ, મહીપાલસિહ ચાવડા પવિણભાઈ રાવલ, પ્રશાંત રાવલ,રાજુભાઈ પટેલ, શુભમભાઈ વ્યાસ, વિરમભાઈ ઠાકોર સહિત કાર્યકર્તાઓ ઉપસ્થિત રહ્યા હતા.

# પ્રજાને લૂંટતી સરકારને જાકારો અપવાનો સમય આવી ગયો છે - અનંતભાઈ પટેલ



દિવ્યેશ પટેલ - વાંસદા

વાંસદા તાલુકા કોંગ્રેસ સમિતિ દ્વારા પેટ્રોલ-ડીઝલના છેલ્લા ૨૧ દિવસથી જે ભાવ વધારો થઈ રહ્યો છે જેના વિરોધમાં વાંસદા ચીખલીના ધારાસભ્ય અનંતભાઈ પટેલની આગેવાનીમાં બળદગાડા સાથે પ્રદર્શન કરવામાં આવ્યું હતું અને હનુમાનજી મંદિર પાસેથી રેલી કાઢવામાં આવી હતી.

હાલમાં છેલ્લા ૨૧ દિવસથી પેટ્રોલ ડિઝલમાં દરરોજ જે ભાવવધારો થઈ રહ્યો છે જેનાથી સામાન્ય મધ્યમવર્ગીય ગરીબ પ્રજા ત્રાહિમામ થઈ ગઈ હતી. જેના અનુસંધાને વાંસદા તાલુકા કોંગ્રેસ સમિતિ દ્વારા જોરદાર વિરોધ પ્રદર્શન વાંસદા ચીખલીના ધારાસભ્ય અનંતભાઈ પટેલની આગેવાની માં રાખવા માં આવ્યું હતું. જેમાં બળદગાડા સાથે હનુમાનજી મંદિર પાસે મુખ્ય રસ્તા પર પ્લેકાર્ડ સાથે પ્રદર્શન યોજવામાં આવ્યું હતું. ત્યાંથી રેલી ભારે સૂત્રોચ્ચાર સાથે આગળ નીકળી હતી અને વાંસદાના ટાવર પાસે કોંગ્રેસના કાર્યકર્તાઓ દ્વારા પ્રદર્શન કરી સૂત્રોચ્ચાર કરવામાં આવ્યા હતા.ત્યાંથી આગળવધી સરદારજીના પૂતળાં આગળ વિરોધ પ્રદર્શન કરવામાં આવ્યું હતું. ત્યારબાદ વાંસદા મામલતદાર વાંસદાને આવેદનપત્ર આપવામાં આવ્યું જે આવેદનપત્ર મહામહિમ રાષ્ટ્રપતિ માટે આપવામાં ચાલ્યું હતું. વાંસદા તાલુકા કોંગ્રેસ સમિતિ મુજબ હાલની વૈશ્વિક મહામારી કોવિડ ૧૯ને કારણે સામાન્ય જનતા ત્રસ્ત છે. લોકો છેલ્લો ત્રણ મહિનાથી ધંધો રોજગાર વગરના થયા છે. ત્યારે આ માંદી સરકાર પેટ્રોલ ડીઝલની એક્સાઈઝ ડ્યુટીમાં વારંવાર વધારો કરીને પ્રજાની હાડમારીમાંથી કોરોનાની આડમાં નફાખોરી કરી રહી છે. આમ આ સરકાર જનતાને લૂંટવા બેઠી હોય એવું લાગી રહ્યું છે. જેના વિરોધમાં વાંસદા તાલુકા કોંગ્રેસ સમિતિ દ્વારા આવેદનપત્ર આપવામાં આવ્યું હતું.

> હાલમાં કોવિડ ૧૯ મહામારીથી જનતા ત્રસ્ત છે, આવા સમયમાં સરકાર પેટ્રોલ ડીઝલની એક્સાઈઝ ડ્યુટીમાં વારંવાર વધારો કરીને પ્રજાના ખભા પર બોજ નાખીને લૂંટી રહી છે. નફાખોરી કરી રહી છે. જો સરકાર ભાવ વધારો પાછો નહિ ખેંચશે તો ઉગ્ર આંદોલન કરવામાં આવશે.
>
> *-અનંતભાઈ પટેલ*
> *ધારાસભ્ય, વાંસદા-ચીખલી*

# અરવલ્લી જિલ્લા આદિજાતિ વિકાસ મંડળની બેઠક યોજાઈ

**અરવલ્લીના આદિજાતિ તાલુકાઓના સર્વાંગી વિકાસના ૪૯૪ કામો માટે રૂ. ૧૦૨૭. ૫૯ લાખની જોગવાઇ કરાઇ**



કેતન પ્રણામી અરવલ્લી

અરવલ્લી જિલ્લા આદિજાતિ વિકાસ મંડળની બેઠક જિલ્લા પ્રભારી તથા આદિજાતિ અને વન રાજય મંત્રી રમણલાલ પાટકરના અધ્યેક્ષસ્થારને જિલ્લા કલેકટર કચેરી મોડાસા ખાતે યોજાઈ હતી. આ બેઠકમાં વર્ષ ૨૦૨૦-૨૦૨૧ના જિલ્લાના આદિજાતિ તાલુકાઓના સર્વાંગી વિકાસના કામોની પ્રાથમિકતા આપવામાં આવી હતી.

જિલ્લી પ્રભારી મંત્રીએ જિલ્લા ના વિકાસના કામો ઝડપભેર પૂર્ણ કરવા અને વિકાસની ગતિને તેજ બનાવવા અધિકારીઓને અપીલ કરી હતી. અને જિલ્લાની શાળાઓના ઓરડા, પીવાના પાણી અને વિજળીકરણની બાકી કામગીરીને ઝડપથી પુરા કરવા વહિવટીતંત્રના અધિકારીઓનું ધ્યોન દોર્યુ હતું

ન્યુ ગુજરાત પેટર્ન વર્ષ ૨૦૨૦-૨૧ની નાણાંકીય જોગવાઈ અને આયોજનની વિગત અંતર્ગત ભિલોડા તાલુકાના ૩૧૭ કામો માટે રૂ. ૭૧૮.૨૬ લાખનું આયોજન કરવામાં આવ્યું હતું જયારે મેઘરજના ૧૬૧ કામો માટે રૂ. ૨૯૫.૪૨ લાખની જયારે જિલ્લાના મોડાસા અને માલપુર તાલુકાના છૂટાછવાયા આદિજાતિ ગામોના વિકાસના ૧૬ કામો રૂ. ૧૩.૯૧ લાખના મળી જિલ્લામાં આદિજાતિ તાલુકાઓના સંવાર્ગી વિકાસના ૪૯૪ કામો માટે રૂ. ૧૦૨૭.૫૯ નું આયોજન હાથ ધરવામાંઆવ્યું છે.

જિલ્લા પંચાયતના પ્રમુખ હંસાબેન પરમાર, ભિલોડા-મેઘરજના ધારાસભ્ય ડૉ.અનિલ જોષીયારા, અરવલ્લી કલેકટર અમૃતેશ ઔરંગાબાદકર, જિલ્લા વિકાસ અધિકારી ડૉ.અનિલ ધામેલીયા, અધિક કલેકટર આર.જે.વલવી, પ્રાયોજના અધિકારી મુનિયા,અગ્રણી રણવીરસિંહ ડાભી સહિત સહિત તાલુકા પંચાયત પ્રમુખઓ, તથા અગ્રણી પદાધિકારીઓ, તાલુકા વિકાસ અધિકારીઓ, તાલુકા-કક્ષાના અધિકારીઓ વિડીયો કોન્ફરન્સના માધ્યમથી જોડાયા હતા.

# લીંબડી તાલુકા રળોલમાં હરતું ફરતું પશુ દવાખાનાની વાનનું લોકાર્પણ કરતા ગામના સરપંચ

**"શું આપનું પશુ બિમાર છે.? તો ૧૯૬૨ નંબર પર કોલ કરો પશુ ડોકટર આપના ઘરે આવી સારવાર કરશે" : લીંબડી તાલુકા માં પ્રથમ વાન રળોલ ગામ માં કાર્યરત રહેશે**



દિપકસિંહ વાઘેલા- લીંબડી

લીંબડી તાલુકા માં પ્રથમ વખત રાજય સરકાર દ્વારા ૧૦ ગામ દિઠ ૧ મોબાઈલ પશુ દવાખાના યોજના GVK EMRI મારફતે પીપીપી મોડલ શરૂ કરાયેલ છે જે અન્વયે આજ રોજ લીંબડી તાલુકા રલોલ ગામે આ વાનને આજે સવારે લીલી ઝંડી આપી પ્રસ્થાન કરાવ્યું હતું.

વર્ષ ૨૦૧૫-૧૬ થી શરૂ કરવામાં આવેલ અમલીકૃત આ યોજનામાં દરેક મોબાઈલ પશુ દવાખાના ૧૦ કે તેથી વધુ ગામોમાં નિયત રૂટ દ્વારા ગામમાં બેઠા પશુ સારવાર આપવામાં આવતી હતી GVK EMRI દ્વારા તે જ ગામોમાં રૂટ મારફતે તથા ઘર બેઠા ઓન કોલ આપવામાં આવશે.

માનવ આરોગ્યની જેમ પશુ આરોગ્ય માટે ઈમર્જન્સી માટે ૧૯૬૨ ટોલ ફ્રી નંબર પર ડાયલ કરવાથી ગામોમાં ઈમર્જન્સી સેવા પુરી પાડવામાં આવશે. આ યોજના મારફતે પશુ સારવાર સેવાઓ ૩૬૫ દિવસ સવારે ૮-૦૦ થી રાત્રે ૮-૦૦ વાગ્યા સુધી ઘેર બેઠા ઉપલબ્ધ થશે. અને યોજના પીપીપી મોડથી GVK EMRI મારફતે નિઃશુલ્ક સારવાર આપવામાં આવશે. લીંબડી તાલુકા માં પ્રથમ તબકકામાં એક વાન ફાળવામાં આવી છે.

થોડો સમય પછી ત્યાર બાદ અન્ય ગ્રામ્ય વિસ્તાર માં વાન બીજા તબકકામાં અને ત્રીજા તબકકામાં પણ મોબાઈલ યુનિટ કાર્યરત થનાર છે. હાલમાં એક વાન લીંબડી તાલુકાના રળોલ ગામને ફાળવવામાં આવી છે. આ વાન આવતા આજુ બાજુ ગામ ફરતા ૧૦ ગામના પશુપાલકોને આનો લાભ મળશે. આ કાયક્રમમાં લીંબડી તાલુકા ના રળોલ ગામ ના સરપંચ એ.ડી.વારીયા તેમજ ગ્રામજનો તેમજ GVK EMRIના કર્મચારીઓ ઉપસ્થિત રહયા હતા.

# મેઘરજના ઓઢા ગામે ઝાડ પર વીજળી પડતાં ઝાડ ભડભડ સળગ્યું



કેતન પ્રણામી -અરવલ્લી

અરવલ્લી જિલ્લામાં મંગળવારે વહેલી સવારે આકાશમાં કાળા ડિબાંગ વાદળો ધસી આવ્યા હતા ગણતરીની મિનિટોમાં કડાકા-ભડાકા સાથે વરસાદ વરસવાની સાથે વીજળીના ચમકારાઓએ ભયનો માહોલ સર્જ્યો હતો મેઘરજના ઓઢા-કસાણા ગામે રહેણાંક વિસ્તાર નજીક આવેલા ખેતરમાં ઉભા ઝાડ પર વીજળી પડતા ઝાડ ભડભડ સળગી ઉઠ્યું હતું સદ્નસીબે વીજળી ખુલ્લા ખેતરમાં ત્રાટકતા જાનહાની ટળતાં લોકોએ રાહતનો શ્વાસ લીધો હતો. અરવલ્લી ખાતે એક વીજળી પડવાની ઘટના બની છે. આજે કડાકા ભડાકા સાથે અહીં વરસાદ પડ્યો હતો. વરસાદને પગલે ઘણા વિસ્તારોમાં લોકોમાં ખુશીનું મોજું હતું. વરસાદમાં વીજળી પડવાની ઘટનાઓ બનતી હોય છે. વીજળી પડવાને કારણે ઘણાઓએ પોતાના સ્વજનો પણ ગુમાવ્યા છે. હાલમાં મેઘરજ ખાતે પડેલા વરસાદને પગલે એક ઝાડ પર વીજળી પડી હતી. વીજળી પડતાં જ ઝાડમાં આગ લાગી ગઈ હતી. આગ લાગતા ત્યાં હાજર વ્યક્તિએ તેને કેમેરામાં કંડારી હતી.

# વંથલી શહેર કૉંગ્રેસ દ્વારા સતત વધતી જતી મોંઘવારી મુદ્દે મામલતદારને આવેદનપત્ર પાઠવ્યું



જીજ્ઞેશ પટેલ - માણાવદર

વંથલી શહેર કોંગ્રેસ દ્વારા સતત વધતી જતી મોંઘવારી તથા રાંધણગેસ, પેટ્રોલ તથા ડીઝલના ભાવોને અંકુશમાં લેવા માટે વંથલી મામલતદાર મારફતે રાષ્ટ્રપતિને સંબોધેલ આવેદનપત્ર આજરોજ પાઠવવામાં આવેલ જેમાં જણાવેલ કે હાલમાં કોરાના વાયરસ ની મહામારીમાં લોક ડાઉન ના લીધે ધંધા રોજગાર,મજુરી વિગેરે કામધંધા બંધ હોવાના કારણે ગરીબ અને મધ્યમવર્ગીય જનતા માટે તેઓનુ ગુજરાન ચલાવવું અસહ્ય થય રહ્યુ છે આવી વિકટ પરિસ્થિતિમાં કેન્દ્ર સરકાર તથા રાજ્ય સરકાર દ્વારા કોઈ રાહત આપવામાં આવી નથી ઉપર થી રોજીંદા વ્યવહારમાં આવતી આવશ્યક ચીજવસ્તુઓ રાંધણગેસ પેટ્રોલ, ડીઝલ તથા અન્ય ચિજવસ્તુઓ ના ભાવો સરકાર ના વધતા ટેક્ષોના લીધે દિવસે દિવસે સતત વધી રહ્યા છે જેથી ગરીબ અને મધ્યમવર્ગીય જનતા પર આવી સ્થિતિમાં પડ્યા પર પાટા સમાન હોય જેથી જનતા જનાર્દન વતી સરકાર ને વિનંતી કરવામાં આવી છે કે હાલ પુરતા સરકારી ટેક્ષો નાબુદ કરી રાહતરૂપે દરેક ગરીબ અને મધ્યમવર્ગીય લોકો નાં બેંક ખાતામાં દર મહિને દશ હજાર જમા કરાવી તથા અતી ગરીબો ને ઓગસ્ટ મહિના સુધી રાંધણગેસના સિલિન્ડર મફત આપવામાં આવે તેવી વિનંતી કરવામાં આવેલ છે આવેદનપત્ર આપતી વખતે વંથલી કોંગ્રેસના અગ્રણીઓ ઈરફાનશાહ સોહ-રવર્દી, સીરાઝ વાજા, અદનાન ડામર, મયુર ટીલવા, ઈમરાન સોખડા સહિત નાં કાર્યકરો હાજર રહ્યા હતા.

# કોરોના સંક્રમણને અટકાવવા બાંટવામાં દુકાનો સવારે ૮ થી બપોરે ૨ સુધી જ ખુલી રહેશે



જીજ્ઞેશ પટેલ - માણાવદર

હાલ પ્રવર્તમાન સમયમાં કોરાના વાયરસ મહામારી માં કોરોના વાયરસ નો સંક્રમણ વધી રહ્યું છે જેમા જુનાગઢ જિલ્લો પણ બાકાત રહેવા પામેલ નથી જિલ્લાના તમામ તાલુકાઓમાં કોરોના પોઝિટિવ કેસો નોંધાયા છે જેમાં બાંટવા શહેરમાં પણ એક કોરોના પોઝિટિવ કેસ નોંધાતા બાંટવા શહેર ગ્રેન કરિયાણા એન્ડ કેટલફીડ મર્ચન્ટ એસોસિયેશન દ્વારા સોમવાર તા. ૨૯/૬ થી તા.૧૫/૭ સુધી દરરોજ સવારનાં ૮=૦૦ વાગ્યાથી બપોરના ૨=૦૦ વાગ્યા સુધીજ હોલસેલ અને રિટેલ દુકાનો ખુલી રાખવાનો સ્વેચ્છિક નિર્ણય એસોસિએશન નાં તમામ વેપારી ભાઈઓ દ્વારા લેવામાં આવેલ છે એમ બંન્ને એસોસિએશન ના પ્રમુખ શ્રી જીતેન્દ્રભાઈ આર.રાઠોડે જણાવ્યું છે.

અમદાવાદ જિલ્લા તંત્રની વિચિત્રતા તો જુઓ

# છેલ્લા અઢાર વર્ષથી પેન્શન સહિતના હક્કો માટે ન્યાયની આશાએ ભટકતા તલાટી

રાજેશ પરીખ - ધંધુકા

અમદાવાદ જિલ્લાના એક રિટાયર્ડ તલાટી કમ મંત્રી છેલ્લા અઢાર વર્ષથી પેન્શન અને અન્ય હક્કો માટે જ્યાં ત્યાં ભટકી રહ્યા છે. તંત્રના અધિકારીઓ કે કર્મચારીઓ સરખો જવાબ પણ નથી દેતા આને જ કહેવાય સૌનો સાથ સૌનો વિકાસ!

પ્રાપ્ત વિગતો અનુસાર અમદાવાદ જિલ્લાના ધંધુકા તાલુકાના કોટડા ગામે તલાટી કમ મંત્રી તરીકે ફર્જ બજાવતા નિવૃત થયેલા તલાટી નામએ બચુમીયાં જીવામીયાં કાઝી જેઓ ગઈ તા.૩૧-૧૦-૨૦૨૦ ના રોજ ધંધુકાના કોટડા ગ્રામ પંચાયત કચેરી ખાતે પોતાની ફરજમાંથી નિવૃત થયા હતા તેમના ફરજકાળ દરમ્યાન સને ૧૯૮૪ માં તેમની ઉપર ઉચાપતની ફરિયાદ થઈ હતી પરંતુ તે ફરિયાદનું રીઝલ્ટ સને ૨૦૦૦ માં આવી ગયું અને તેમાં આ તલાટી કમ મંત્રી બચુમીયાં કાઝી સને ૨૦૦૦ માન તે કેસમાં નિર્દોષ ઠર્યા છે. તેમ છતાં આજદિન સુધી તેઓ તેમના મૂળભૂત અધિકારો અને હક્કો માટે આમ-તેમ રઝળી રહ્યા છે. આજે આજના આ વિકાસશીલ તંત્રની બોલતી તાસીર શું આજના આ સમયમાં આને કહેવાય સૌનો સાથ સૌનો વિકાસ શું આ નિવૃત તલાટી કમ મંત્રીને તેના પેન્શન અને અન્ય હક્કો માટે શું ન્યાય મળશે ખરો? ધંધુકાના કોટડા ખાતે ૧૯૮૫ માં ઉચાપતની ફરિયાદ થઈ હતી તેમાં ચાર વર્ષે નિર્દોષ ઠર્યા છતાં ન્યાયના હક્ક માટે ભટકી રહ્યા છે.

# લોકડાઉન હોવા છતા જેતપુરની સેન્ટ ફ્રાન્સિસ સ્કૂલ ચાલુ કરી દેવાતા એબીવીપીએ ફરિયાદ કરી






સુરેશ ભાલીયા - જેતપુર

દેશ ભર માં કોરોના નો કહેર છે અને લોકો ની સુરક્ષા માટે સરકારે લોક ડાઉન આપી ને લોકો ને ઘર માં રહેવા અપીલ કરી છે, ત્યારે જેતપુર ની સેન્ટ ફ્રાન્સિસ સ્કૂલ દ્વારા લોકડાઉન નું ખુલ્લે માં ઉલ્લંઘન કરી ને સ્કૂલ ચાલુ કરી ને અભ્યાસ કરાવી રહેલ છે, સ્કૂલ ના શિક્ષકો પણ ભાગી રહ્યા હતા જેમાં થી એક શિક્ષકે મીડિયા કર્મી ઉપર મોટર સાયકલ ચડાવવા નો પ્રયત્ન કરેલ હતો,

જેતપુર ની નવાગઢ માં આવેલ સેન્ટ ફ્રાન્સિસ સ્કૂલ દ્વારા છેલ્લા બે - ત્રણ દિવસ થી સ્કૂલ ને ચાલુ કરવા માં આવી હતી અને સ્કૂલ ના વિધાર્થી પાસે થી ફી ઉઘરાવવા માટે ની કામગીરી શરૂ કરેલ હતી, જેની માહિતી જેતપુર માં ABVP ને મળી હતી, અને જે મુજબ ABVP દ્વારા અહીં ચેકીંગ કરતા સ્કૂલ ની અંદર જ રૂમ માં પિરિયડ લેવાતા જોવા મળેલ હતા, જ્યાં એક શિક્ષિકા રૂમ ની અંદર જ વિદ્યાર્થી ઓ સ્કૂલ ના રૂમ માં સ્કૂલ ડ્રેસ બેસી ને અભ્યાસ કરાવતા જોવા મળે હતા, જયારે ABVP એ આ બાબતે સ્કૂલ ના ક્લાસ રૂમ માં ગયા ત્યારે સ્કૂલ ના પ્રિન્સિપાલ અને શિક્ષકો એ વિદ્યાર્થી ઓ ને ભગાડી દીધા હતા, ABVP દ્વારા આ બાબત રાજકોટ જિલ્લા શિક્ષણ અધિકારી અને પોલીસ ને જાણ કરતા પોલીસે બે શિક્ષકો ની ઘર પક્કડ કરી ને કાયદેસર ની કાર્યવાહી શરૂ કરી હતી,

ABVP દ્વારા જયારે સેન્ટ ફ્રાન્સિસ સ્કૂલ માં ચેકીંગ કરવા માં આવ્યું ત્યારે અહીં અભ્યાસ કરી રહેલ વિદ્યાર્થી ઓ ને ભગાડી દેવા માં આવ્યા હતા, સ્કૂલ ના ગ્રાઉંડ માં થી ભાગી રહેલ વિદ્યાર્થી કેમેરા માં કેદ થી ગયા હતા, જે માં એક વિદ્યાર્થી જોખમી રીતે સ્કૂલ ની દીવાલ કૂદી ને બહાર ભાગતો દેખાતો હતો, જયારે આ ભાગી રહેલ શિક્ષક ને બાબતે મીડિયા કર્મી દ્વારા અહીં ના શિક્ષક ને પૂછ પરછ કરતા તેને તેની મોટરસાયકલ મીડિયા કર્મી ઉપર ચડાવવા નો પ્રયત્ન કરેલ હતો, સ્કૂલ માં થી સ્કૂલ ડ્રેસ માં ભાગી રહેલ વિદ્યાર્થી ને પૂછપરછ કરતા તેણે સ્કૂલ બે - ત્રણ દિવસ થી વિદ્યાર્થી ઓ ને સ્કૂલે બોલાવી ને ક્લાસ માં પિરિયડ શરૂ કરવા માં આવ્યા હતા, કોરોના ની મહા મારી ને મઝા મૂકી છે ત્યારે નાના નાના વિદ્યાર્થી ઓ ની તંદુરસ્તી અને જીવન સાથે ચેડાં કરી રહેલ આવી સ્કૂલ ની માન્યતા રદ કરી ને યોગ્ય પગલા ભરવા માં આવે તે જરૂરી છે.

# ૧લી જુલાઇ - 'રાષ્ટ્રીય ડોક્ટર્સ ડે'

ડોક્ટરને ભગવાનનો અવતાર માનવામાં આવે છે. કોઈપણ ગંભીર તબીબી સમસ્યામાંથી આપણને ઉગારવા માટે ડોક્ટર હંમેશા તૈયાર રહે છે. સમગ્ર દેશમાં ૧લી જુલાઇના રોજ 'રાષ્ટ્રીય ડોક્ટર દિવસ' ની ઉજવણી કરવામાં આવે છે. વર્ષ ૧૯૯૧થી કેન્દ્ર કરકાર દ્વારા સમગ્ર દેશમાં પશ્ચિમ બંગાળના મુખ્યમંત્રી ડો. બિધાનચંદ્ર રોયની યાદમાં ૧લી જુલાઇને રાષ્ટ્રીય ડોક્ટર્સ ડે તરીકે ઉજવણી કરવામાં આવે છે.



પશ્ચિમ બંગાળના બીજા મુખ્યમંત્રી ડો. બિધાનચંદ્ર રોયનો જન્મ ૧ જુલાઇ, ૧૮૮૨ના રોજ થયો હતો. કલકત્તામાંથી તબીબી અભ્યાસ પૂર્ણ કર્યા બાદ ડો. રોયે લંડનમાંથી એમ.આર.સી.પી. અને એફ.આર.સી.એસની ડિગ્રી મેળવી હતી. ૧૯૧૧માં તેઓ ભારત પાછા ફર્યા અને ફિઝીશીયન તરીકે ભારતમાં જ તેમની પ્રેકટીસ ળરૂ કરી, ત્યારબાદ તેઓ કોલકત્તા મેડિકલ કોલેજ અને કેમ્પેબલ મેડિકલ સ્કૂલમાં જોડાયા. તેઓ ખૂબ જ જાણીતા ફિઝીશીયન અને શિક્ષણવિદ્ હતા. મહાત્મા ગાંધીની સવિનય કાનૂનભંગની ચળવળમાં જોડાયા. ડો. રોય ઈન્ડિયન નેશનલ કોંગ્રેસનું નેતાપદ પણ શોભાવ્યું હતું. ડોક્ટર તરીકે તેમણે દેશના નાગરિકોની નિઃસ્વાર્થ સેવા કરી અભૂતપૂર્વ લોકચાહના મેળવી હતી. ૧ જુલાઇ ૧૯૬૨માં ડો. રોયના દુઃખદ નિધન બાદ તેમને ભારતના સર્વોચ્ચ નાગરિક સન્માન ભારતરત્નથી મરણોત્તર સન્માનિત કરવામાં આવ્યા હતા.

ભારતની મહદ અંશની વસ્તી ડોક્ટરની કુશળતા અને જવાબદારી પર અવલંબિત હોય ત્યારે રાષ્ટ્રીય ડોક્ટર દિવસની ઉજવણી એ ભારતનું મહત્વનું જાગૃતિ અભિયાન છે, વિવિધતાભર્યા ભારતીય સમાજમાં ડોક્ટરોની ભૂમિકા અગત્યની અને જવાબદારીભરી છે, ત્યારે દર્દીઓનું જીવન બચાવતા આ ઉમદા વ્યવસાય સાથે જોડાઇ ગયેલી કેટલીક બદીયો દૂર કરવા તથા તેની સામે લાલ બત્તી ધરવા આ દિવસની ઉજવણી અનિવાર્ય છે. જરૂરિયાતવાળા દર્દીઓને બિન-જરૂરી શારીરિક પરીક્ષણો કરાવી વધારાનો ખર્ચ અને માનસિક હેરાનગતિ કરાવી તબીબી વ્યવસાય માટે લાંછનરૂપ બનેલા તબીબો સામે કાર્યવાહી કરવાનો પણ આ દિવસ છે.

ડોક્ટર્સનું આપણા જીવનમાં અમૂલ્ય પ્રદાન છે - તબીબી અથવા શિક્ષણ ક્ષેત્ર માં અવિરત યોગદાન પણ હંમેશા થી રહેલ છે. તેમની નિઃસ્વાર્થ સેવાનું ઋણ ચૂકવીએ અને તેમને તેમની સામાજિક જવાબદારીઓનું ભાન કરાવએ તે જ આ દિવસની ઉજવણી સાર્થક બનશે. આપણને આપણા જીવનની અમૂલ્ય ક્ષણો સાથે મેળાપ કરાવનાર ડોક્ટર્સને શુભેચ્છાપત્રો, ફૂલો, સ્મિતિચિહ્નો વગેરે આપી તેમનો ઋણસ્વીકાર કરવો જોઇએ.

*- ડો. અમિત એમ.પટેલ, ઓર્થો-રિહેબ ડોક્ટર*

# રાણપુરમાં જુગાર રમતા ૧૦ ઈસમોને ૧૧,૪૦૦ રૂપિયા સાથે ઝડપી પાડતી પોલીસ



બોટાદ

ભાવનગર રેન્જના નાયબ પોલીસ મહાનીરીક્ષક અશોકકુમાર યાદવ તથા બોટાદ જીલ્લા પોલીસ અધિક્ષક હર્ષદ મહેતા એ હાલમાં વિશ્વભરમાં ફેલાયેલ કોરોના વાયરસ કોવીડ-૧૯ ની બીમારી નો ફેલાવો અટકે તે માટે લોકડાઉન ની અમલવારી કરાવવા તથા દારૂ/જુગાર ની પ્રવુત્તિ નેસ્ત નાબુદ કરવા માટે સુચના આપેલ હોય જે અનુસંધાને વિભાગીય પોલીસ અધિકારી રાજદીપસિંહ નકુમ એ માર્ગદર્શન આપવામાં આવેલ જે અનુસંધાને રાણપુર પોલીસ સ્ટેશન ના પોલીસ સબ ઈન્સ્પેક્ટર એન.સી.સગર ની સુચના મુજબ રાણપુર પોલીસ સ્ટેશનના ASI આઈ.જી.મોરી તથા રાણપુર પોલીસ સ્ટાફે બાતમીને આધારે તા.૨૯/૬/૨૦૨૦ ના રોજ રાત્રીના સમયે રાણપુર શહેરમાં અણીયાળી કસ્બાતી રોડ ઉપર આવેલ અસર સોસાયટીમા રેઈડ કરતા લાઈટ ના અજવાળે ખુલ્લી જગ્યામાં ગંજીપાના ના પત્તાવડે હારજીતનો જુગાર રમતા (૧) ઘનશ્યામભાઈ ઉર્ફે ચામડી રવાભાઈ ડાભી (કો.પ) (૨) શબ્બીરભાઈ સલીમભાઈ દીવાન (ફકીર) (૩) રવિભાઈ વજુભાઈ સરવૈયા (કો.પ) (૪) લાલજીભાઈ ચીકાભાઈ જમોડ (કો.પ) (૫) અક્ષયભાઈ મુકેશભાઈ રાદડીયા (પટેલ) (૬) અમીનભાઈ યુનુસભાઈ દીવાન (ફકીર) (૭) જુબેરભાઈ હનીફભાઈ ખીમાણી (મેમણ) (૮) સોહીલભાઈ આશીફભાઈ ખીમાણી (મેમણ) (૯) ઈદ્રીશભાઈ હબીબભાઈ દીવાન (ફકીર) નં.૧ થી ૯ તમામ રહે.રાણપુર (૧૦) અસરફભાઈ કરીમભાઈ ખટુંબરા (ઘાંચી) રહે.બોટાદ વાળા તમામને રોકડા ૧૧,૪૦૦ રૂપિયા સાથે પકડી પાડી જુગારધાર-૧૨ મુજબ કાયદેસરની કાર્યવાહી કરવામાં આવેલ છે.

# વાંસદાની અમૃત હોસ્પિટલમાં ઝેરી મનિયાર સાપ કરડેલ દર્દી સ્વસ્થ થયા



દિવ્યેશ પટેલ - વાંસદા

વાંસદા તાલુકાના માંડવખડક ગામના શંકરભાઈ (ઉ.વ.૭૭ વર્ષ)ને ઝેરી સાપ કરડ્યો હતો. આશરે સાપ કરડ્યાના ૯ કલાક પછી બેભાન અવસ્થામાં શંકરભાઈ અમૃત હોસ્પિટલ વાંસદા ખાતે ઈમર્જન્સી કેર યુનિટમાં ૧૦૮ દ્વારા લવાયા હતા. તેમના લક્ષણો પરથી "મનિયાર (common krait)" નામનો અત્યંત ઝેરી સાપ કરડ્યો હોવાનું જણાયું હતું. જે મગજ નો લકવો અને લોહીનું ઈન્ફેકશન કરે છે એવુ ડો.સોનલ પટેલને માલુમ પડતા. દર્દી કોમામાં હોવાથી તાત્કાલિક વેન્ટિલેટર સપોર્ટ આપી સારવાર ચાલુ કરી હતી. પરંતુ દર્દીની હાલત ઘણી ગંભીર હતી. તેમજ તેઓ દર્દી પહેલેથી જ ડાયાબિટીસ અને બ્લડ પ્રેસરની બીમારીથી પીડિત હતાં.એવામાં એમની સારવાર એક પડકાર રૂપ હતી. પરંતુ ડો.સોનલ પટેલ તથા અમૃત હોસ્પિટલ સ્ટાફના પ્રયત્નોથી દર્દી ૩૬ કલાક પછી કોમા માંથી બહાર આવ્યો હતો અને હાલ તે સ્વસ્થ છે. તેમના પરિવાર સહિત ડો. સોનલ પટેલ અને હોસ્પિટલના સ્ટાફમાં ખુશીની લાગણી જોવા મળી હતી.

## ઉર્જાનું કેન્દ્ર બાથમાં : ડીવાયએસપી મનીષ ઠાકરની નજરે



ધોમ ધખતા તાપ પછી હવે વરસાદ અને બફારો રહેવા મંડ્યો છે. સમગ્ર સૃષ્ટિ માટે ઉર્જાનું કેન્દ્ર તો સૂર્ય જ છે. આમ છતાં આ ઉર્જા આપણને તાપ બની સ્પર્શે છે ત્યારે અસહ્ય લાગે છે. પ્રસ્તુત તસવીર પણ કશુંક આવી મનોવેદના ઉભી કરે છે. પરંતુ તસવીર કળાની દ્રષ્ટિએ ખુબ સુંદર લાગે છે. આ તસવીર વ્યવસાયે તસવીરકાર નથી પરંતુ અંતરથી કળા પ્રત્યે રસિક એવા ભાવનગરના નાયબ પોલીસ વડા તરીકે ફરજ બજાવતા મનીષ ઠાકર દ્વારા ખેંચાયેલી છે, જાણે ઉર્જાનું કેન્દ્ર બાથમાં લીધું હોય.!

# બુધેલ ગામના રહેણાંકી મકાનમાંથી વિદેશી દારૂની ૮ પેટી ઝડપી લેતી પોલીસ

પાર્થ મજેઠીયા - ભાવનગર

ભાવનગર લોકલ કાઈમ બ્રાન્ચ ટીમ વરતેજ પોલીસ સ્ટેશન વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતી. તે દરમ્યાન પોલીસ કોન્સ સંજયભાઈ ચુડાસમા ને બાતમીરાહે હકિકત મળેલ કે બુધેલ જુના વરતેજ રોડ રામદેવનગર પ્લોટ નં- ૪૪૬માં રહેતા ચેતન ઉર્ફે એકકો રણછોડભાઈ ગોહેલ પોતાના કબ્જા ભોગવટાના રહેણાક મકાનમાં ભારતીય બનાવટનો પરપ્રાંત ઈગ્લીશ દારૂનો જથ્થો છુપાવેલ છે. અને તે દારૂનો જથ્થો સગે-વગે કરવાની પેરવીમાં છે. તે હકિકત આધારે બાતમી વાળી જગ્યા ઉપર રેઈડ કરતા રેઈડ દરમ્યાન રહેણાક મકાન માંથી ભારતીય બનાવટનો બોટલ નંગ-૯૬ કિ.રૂ.૨૮,૮૦૦/-નો મુદામાલ મળી આવતા આ દારૂ કયાંથી લાવેલ તે બાબતે મજકુરની પુછપરછ કરતા તેને આ દારૂનો જથ્થો હર્ષદભાઈ નરેશભાઈ ડાભી રહે. પ્લોટ નં-૧૭/બી બજરંગ સોસાયટી રેલ્વેકોલોની સામે હાદાનગર ભાવનગર વાળા આપી ગયેલાનું જણાવતા મજકુર બંન્ને ઈસમો વિરૂધ્ધમાં વરતેજ પોલીસ સ્ટેશનમાં પ્રોહી કલમ-૬૫એઈ.૧૧૬(બી),૮૧મુજબનો ગુન્હો નોધાયેલ છે.



# ગઢીયા ગામેથી ખનીજ ચોરી કરતા બે શખ્સો મુદામાલ સાથે ઝડપાયા : ૫ ફરાર

**રાણપુર તાલુકાના ગઢીયા ગામે સાત શખ્સો વિરૂધ્ધ ખનીજ ચોરીની ફરિયાદ નોંઘતી બોટાદ એસઓજી**





બોટાદ

ભાવનગર રેંજના નાયબ પોલીસ મહાનિરીક્ષક અશોક કુમારતથા બોટાદ જીલ્લા પોલીસ અધિક્ષક હર્ષદ મહેતા સાહેબનાઓએ બોટાદ જીલ્લામાં ગેરકાયદેસર ખનીજ ચોરી અટકાવવા માટે સુચના આપેલ હોય જે મુજબ બોટાદ એસ.ઓ.જી.ના પોલીસ ઈન્સ્પેકટર એચ.આર.ગોસ્વામી તથા હે.કોન્સ.ગોવિંદભાઈ કાળુભાઈ તથા પો.કોન્સ રાજેશભાઈ ચતુરભાઈ તથા એ.એસ.આઈ. મુકેશભાઈ રાજાભાઈ પરમાર પેરોલફલો સ્કોડ બોટાદ એ રીતેના સ્ટાફના માણસો તથા પંચો સાથે રાણપુર વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતા જે સમયે સ્ટાફને મળેલ બાતમી આધારે ગઢીયા ગામે ભાદર નદીના પટમાં રેઈડ કરતા જીતુભાઈ ઉર્ફે ભનાભાઈ છગનભાઈ સાટીયા જાતે-ભરવાડ (ઉ.વ.-૨૬ રહે.બોટાદ ખોડીયારનગર-૨ રેલ્વે સ્ટેશનની પાછળ તા.જી.બોટાદ ), દિપકભાઈ ઉર્ફે વિપુલ છેલાભાઈ મીર જાતે ભરવાડ (ઉ.વ.-૨૩,રહે.બોટાદ ખોડીયારનગર રેલ્વે સ્ટેશન પાસે તા.જી.બોટાદ )ની ટ્રેક્ટર નંગ-૩,ટ્રોલી સહીત કિંમત રૂ.૫૦૦૦૦૦/-, રેતી ૬-ટન કિંમત રૂ.૨૦૦૦/-, મોબાઈલ ફોન નંગ-૩ કિંમત રૂ.૧૫૦૦૦/-ના મુદામાલ સાથે ધરપકડ કરવામાં આવી હતી. જયારે વિજયભાઈ માધાભાઈ ધરજીયા ડમ્ફરનો ચાલક, લોડરનો ચાલક, મો.સા.ચાલક, ગોપાલભાઈ ગભાભાઈ સાટીયા રહે.દેરડી, પૃથ્વીભાઈ ગોરધનભાઈ ધરજીયા રહે.લીબોડા વાળા નાસી જવામાં સફળ રહ્યા હતાં.

# વંથલી નગર પાલિકા દ્વારા ભારે વરસાદનાં કારણે નુકસાન થયેલ રસ્તાઓ નાં કામ માં વિલંબ કરતી એજન્સીઓ ને ફટકાર્યો દંડ

જીજ્ઞેશ પટેલ - માણાવદર

વંથલી શહેરી વિસ્તારોમાં માં તાજેતરમાં પડેલ વરસાદ નાં પગલે રોડ રસ્તાઓ ધોવાયા હતા અને જેના પગલે નગરજનોને માં નારાજગી ફેલાઈ હતી પરંતુ નગર પાલિકા દ્વારા બે એજન્સીઓ ને કામ આપેલ હતું પણ રાજકીય ઈશારે વિપક્ષ નાં કહેવા થી આ એજન્સીઓ કામ ન કરતી હોવાનું પ્રમુખ સીરાઝ વાજા એ આક્ષેપ કરી જણાવ્યું હતું કે વંથલી કોંગ્રેસ ને બદનામ કરવા નગરપાલિકા વિસ્તારમાં ફરિયાદો ઉદભવે તેવી પ્રવૃત્તિઓ વિપક્ષ દ્વારા છેલ્લા ઘણા સમયથી કરવા માં આવી રહી છે,ટેન્ડર પ્રક્રિયા હાથ ધરી બે એજન્સીઓ ને કામ સોંપેલ હોવા છતાં આ એજન્સીઓ દ્વારા કામ શરૂ કરવામાં ન આવતા વંથલી નગરપાલિકા દ્વારા અવારનવાર તાકીદ કરવામાં આવી હોવા છતાં કામ શરૂ ન થતા વંથલી નગરપાલિકા દ્વારા દંડ ફટકાર્યો છે જેમાં આર કે એજન્સી અને ગ્રીન ઈન્ફ્રાસ્ટ્રક્ચર ને દંડ ફટકારી આક્રમક કાર્યવાહી હાથ ધરતા ફફડાટ ફેલાય જવા પામ્યો છે.



આવી પુગ્યો આપણો દોસ્ત વરસાદ
ભાગો પીડાઓ, ફગી જાઓ ફરીયાદ
આવી પુગ્યો આપણો દોસ્ત વરસાદ
ક્લબલ કરતી કુદરત નીતરી આખી
સાંભળ્યો માલિકે ધરાનો આંતરનાદ
સપનાં ફૂટ્યાં હૈયે તે હવે ઉગવાંનાં જ
નર નારી સ્વરૂપો સૌ માણશે ઉન્માદ
પ્રિયતમમાં ઓગળી જાઓ જલ્દીથી
વિરહને દઈ ગોળી, ઐક્યનો લૂંટો સ્વાદ
સર્જનની આ પળો આવી પહોંચી છે
પધારો વરસો ઓ બ્રહ્માંડનાં સરતાજ
આવ વરસાદ, આવી જ જા તું વરસાદ
આજે ને સદા વરસાવજે પ્રસાદ મેઘરાજ

*-મિત્તલ ખેતાણી (રાજકોટ) નાં કાવ્ય સંગ્રહ 'શબ્દ ઘેર આનંદ ભયો' માંથી*

# ગીર સોમનાથ જિલ્લાના ૦૮ ગામોને પાણી પુરૂ પાડવા માટે રૂા.૧૨૫.૦૩ લાખ મંજુર

**ગીર સોમનાથ જિલ્લા કલેકટર અજયપ્રકાશના અધ્યક્ષ સ્થાને જિલ્લા જળ અને સ્વચ્છતા સમિતીની બેઠક યોજાઈ**

ઝુબેર કકાસીયા - ગીર સોમનાથ

ગીર-સોમનાથ જિલ્લા કલેકટર અજયપ્રકાશના અધ્યક્ષસ્થાને જિલ્લા સેવાસદન, ઈણાજ ખાતે જિલ્લા જળ અને સ્વચ્છતા સમિતિની બેઠક યોજઈ હતી. આ બેઠકમાં ગીર સોમનાથ જિલ્લાના ૦૮ ગામોને પાણી પુરૂ પાડવા માટે રૂા. ૧૨૫.૦૩ લાખની વહીવટી મંજુરી આપવામાં આવી હતી. ઉના તાલુકાના વાસોજ, ગીરગઢડા તાલુકાના બોડીદર, તાલાળા તાલુકાના ગાભા, સુત્રાપાડા તાલુકાના સુત્રાપાડા બંદર, વેરાવળ તાલુકાના દેદા, બોળાસ, ડારી ગામને પાણી પુરૂ પાડવામાં આવશે. તેમજ ૧૭૧૦ ઘરોમાં નળ કનેકશન આપવામાં આવશે. આ પ્રસંગે વાસ્મો યુનિટ મેનેજર વી.એન.મેવાડા, જિલ્લા કોર્ડીનેટર અલ્કા મકવાણા, માહિતી ખાતાના અનવરભાઈ સોઢા, ટેકનિકલ મેનેજર મુકેશભાઈ બલવા સહિતના ઉપસ્થિત રહ્યા હતા.



# ધારાસભ્ય વિમલભાઈ ચુડાસમા દ્વારા વેરાવળ બંદરમાં આંધ્રપ્રદેશ તથા મહારાષ્ટ્રના માચ્છીમારો ફિશિંગ ની સિઝન શરૂ થાય તે પહેલા પરત આવવાની પરમીશન આપવા બાબતે ગુજરાત સરકારમાં રજૂઆત કરાઈ

ઝુબેર કકાસીયા - ગીર સોમનાથ

૯૦-સોમનાથ ના યુવા ધારાસભ્ય વિમલભાઈ ચુડાસમા દ્વારા ગુજરાત સરકાર ને રજૂઆત કરવામાં આવેલ છે, કે તા, ૧-૦૮-૨૦૨૦ થી ફિશિંગ ની સિઝન શરૂ થાય છે, તો વેરાવળ સોમનાથ બંદર માં આંધ્રપ્રદેશ અને મહારાષ્ટ્ર ના આંશરે ૧૨૦૦૦/ જેટલા માચ્છીમારો ( ખલાસી ) ઓ પોતાનું ગુજરાન ચલાવવા માટે વેરાવળ બંદર માં આવે છે, તે માચ્છીમારો માટે વર્ષો થી ચાલી આવતી પધ્ધતિ મુજબ બોટ માલિકો પાસે થી એડવાન્સ પેટે ( ઉપાડ ) લેતા હોય છે, જો મચ્છીમારો ને એડવાન્સ પેટે રૂપિયા આપ્યા પછી ગુજરાત સરકાર આંધ્રપ્રદેશ સરકાર અને મહારાષ્ટ્ર સરકાર તરફ થી પરવાનગી આપવવા માં નહીં આવે તો બોટ માલિકો ને મોટું નુકશાન થઈ શકે તેમ છે, અને બોટ માલિકો ની આખી સિઝન ફેઈલ થઈ જાય તેમ છે, વેરાવળ સોમનાથ બંદર ની અંદર બોટ સાથે તેના પરિવાર તથા અન્ય લોકો બોહળી સંખ્યા માં ધંધા રોજગાર સાથે જોડાયેલ હોય જેના થી હજારો પરિવારો ની રોજીરોટી મુશ્કેલી માં મુકાઈ જાય તેમ છે, તે બાબત ને ધ્યાને લઈ ૯૦-સોમનાથ ના યુવા અને લોકલાડીલા ધારાસભ્ય વિમલભાઈ ચુડાસમા એ રજૂઆત કરેલ છે, કે ગુજરાત સરકાર તરફ થી આંધ્રપ્રદેશ અને મહારાષ્ટ્ર ની સરકારો સાથે ચર્ચા વિચારણા કરી તમામ મચ્છીમારો ને પરત આવવા ની પરવાનગી આપવા માં આવે, તેવું એક અખબાર યાદીમાં જણાવવા આવેલ છે.



# વનબંધુ કિસાનો આધુનિક ખેતી તરફ વળવા માનસિકતા બદલે : રૂપાણી

**વનબંધુ કિસાનોને ખાતર-બિયારણ કિટ વિતરણનું ઈ લોન્ચિંગ : ૧૪ આદિજાતિ જિલ્લાના ૫૩ તાલુકાના ૭૬ હજારથી વધુ વનબંધુ કિસાનોને કૃષિ વૈવિધ્યકરણ યોજના હેઠળ ખાતર-બિયારણ કિટનું વિતરણ કરાશે**



ગાંધીનગર, તા. ૩૦

વનબંધુ-આદિજાતિ વિસ્તારના ખેડૂતોને પરંપરાગત ખેતીને સ્થાને ટેકનોલોજીના વિનિયોગથી આધુનિક ખેતી તરફ વળવાની માનસિકતા કેળવવા માઈન્ડ સેટ બદલવા મુખ્યમંત્રી વિજય રૂપાણીએ અનુરોધ કર્યો હતો. રાજ્યના અંબાજીથી ઉમરગામ વિસ્તારના ૧૪ આદિજાતિ જિલ્લાના ૫૩ તાલુકાઓના ૭૬ હજારથી વધુ વનબંધુ કિસાનોને કૃષિ વૈવિધ્યકરણ યોજના અંતર્ગત રૂ. ૩૫ કરોડના ખાતર-બિયારણ કિટના વિતરણના ઈ લોન્ચીંગ અવસરે તેઓ સંબોધન કરી રહ્યા હતા. તેમણે આ બિયારણ-ખાતર કિટ વિતરણના ઈ લોન્ચીંગને કોરોના સામે-કોરોના સાથે રોજિંદી પ્રવૃત્તિઓ શરૂ કરીને કોરોનાને હરાવવાની ગુજરાતની પ્રતિબદ્ધતા રૂપ અવસર ગણાવ્યો હતો. તેમણે કહ્યું કે, વિકાસની મુખ્ય ધારામાં વનબાંધવો પણ આવી જાય અને સર્વગ્રાહી વિકાસની સંકલ્પના પાર પડે તે માટે વનબંધુ કલ્યાણ યોજના શરૂ કરીને આદિજાતિઓને પણ શિક્ષણ, આરોગ્ય, વીજળી, કૃષિ-સિંચાઈના અનેક અવસરો પૂરા પાડયા છે. જ્યાં સુધી વંચિત વનબંધુઓ-છેવાડાના અંતરિયાળ વિસ્તારના આદિજાતિઓ વિકસીત ન થાય ત્યાં સુધી વિકાસ અધૂરો છે. આ સંદર્ભમાં તેમણે ઉમેર્યુ કે, આ સરકારે પણ વનબંધુઓના વિકાસને વધુ ગતિ આપવા પેસા એકટનો અમલ કરીને વનબાંધવોને જમીન માલિક બનાવ્યા છે. એટલું જ નહિ, આદિજાતિ વિસ્તારોમાં મેડીકલ કોલેજ, એકલવ્ય શાળાઓ, વીજળી સિંચાઈ સુવિધાઓ આપીને વનબંધુઓને સમયાનુકૂલ વિકાસની નવી દિશા આપી છે એમ તેમણે ઉમેર્યુ હતું. તેમણે કહ્યું કે ભારતને આત્મનિર્ભર બનાવવા અને ખેડૂતોની આવક બમણી કરવાની ભાગીરથ પહેલ ના ભાગરૂપે રૂ. ૩૫ કરોડની ખાતર-બિયારણ સહાય ગુજરાતના વનબંધુઓને ઉપયુકત બનશે. કૃષિ વૈવિધ્યકરણ યોજના રાજ્યના નાના અને સીમાંત આદિવાસી ખેડૂત ભાઈઓ બહેનોને આત્મનિર્ભર બનાવવાની દિશામાં આદિજાતિ વિભાગનો એક મહત્વપૂર્ણ કાર્યક્રમ છે. આ યોજના અંતર્ગત આદિજાતિ ખેડૂતોને ૧ એકર જમીન માટે સુધારેલ જાતના શાકભાજીના બિયારણ અથવા મકાઈના પાક માટેના બિયારણનો લાભ આપવામાં આવે છે. ખેડૂતોને ખાતરમાં યુરિયા ૪૫ કિ.ગ્રામ, એન.પી.કે.૫૦ કિ.ગ્રામ અને એમોનીયમ સલ્ફેટ ૫૦ કિ.ગ્રામની કીટ આપવામાં આવે છે. આદિવાસી ખેડૂતો માત્ર પરંપરાગત ખેત પદ્ધતિ ઉપરજ નિર્ભર ન રહેતા સુધારેલ મકાઈ તથા શાકભાજીના બિયારણ તથા ખાતર અને ખેતીને લગત આવશ્યક તાલીમ મેળવી વધુ ખેત ઉપજ અને વધુ આવક રળતા થાય અને તેમનું જીવનધોરણ સદ્ધર થાય તેવા ઉદેશ્યથી શરૂ થયેલી આ યોજનામાં અત્યાર સુધીમાં આશરે પાંચ લાખ આદિજાતિ ખેડૂતોને લાભો આપવામાં આવ્યા છે. કોરોના-કોવિડ-૧૯ સંક્રમણની સ્થિતીમાં જે વનબંધુ-આદિજાતિ શ્રમિકો પોતાના વતન જતા રહ્યા હતા તેવા શ્રમિકો કામકાજના સ્થળે પાછા આવે ત્યારે તેમને આવાસ મળી રહે તે માટે ગુજરાત આત્મનિર્ભર પેકેજમાં ખેતમજૂરો અને શ્રમિકોના આવાસ માટે રૂ. ૩૫૦ કરોડની મકાન સહાય સબસિડીની જોગવાઈ કરીને આવાસથી વંચિત આદિવાસી ખેતમજૂરો અને શ્રમિકોને આવાસ સુવિધા આપવાની સરકારની નેમ પણ રૂપાણીએ દર્શાવી હતી. કૃષિ વૈવિધ્યકરણ યોજના તહેત ખેડૂતોને બિયારણ ખાતર કિટની વિતરણ વ્યવસ્થા આદિજાતિ વિકાસ વિભાગના સાનિધ્ય-સહયોગથી ગુજરાત સ્ટેટ ફર્ટીલાઈઝર કોપોરેશનની પેટા કંપની ગુજરાત સ્ટેટ ફર્ટીલાઈઝર એગ્રો ટેક લીમીટેડ GATL દ્વારા વનબંધુ જિલ્લાઓમાં હાથ ધરાશે.

# રાજ્યમાં ૬૨૦ કેસ નોંધાયા ૨૦ લોકો કોરોનાથી મૃત્યુ



**સુરતમાં કોરોના વિસ્ફોટ સાથે ૧૯૯ કેસ : કોરોનાના સંક્રમિતનો આંકડો ૩૨૬૪૩ અને મૃત્યુઆંક ૧૮૪૮ : અગ્ર સચિવ જયંતિ રવિ સુરતની મુલાકાતે**

અમદાવાદ,તા.૩૦

રાજ્યમાં સતત ચોથા દિવસે કોરોના પોઝિટિવનો આંકડો ૬૦૦ને વટાવ્યો છે. રાજ્યમાં આજે કોરોનાના ૫૯૨૪ ટેસ્ટ કરવામાં આવતા ૬૨૦ લોકોને કોરોના પોઝિટિવ આવ્યો હતો. આ સાથે રાજ્યમાં કોરોનાથી કુલ સંક્રમિતનો આંકડો ૩૨૬૪૩ પર પહોંચ્યો છે. જ્યારે વધુ ૨૦ લોકોના છેલ્લા ૨૪ કલાકમાં કોરોનાના લીધે નોંધાતા કુલ મૃત્યુઆંક ૧૮૪૮ થયો છે. રાજ્યમાં આજે ૪૨૨ દર્દીઓ ડિસ્ચાર્જ થયા હતા. આ સાથે રાજ્યમાં અત્યાર સુધીમાં ૨૩૬૭૦ લોકો ડિસ્ચાર્જ થયા છે. રાજ્યમાં આજે ૭૧ દર્દીઓ વેન્ટીલેટર પર છે. રાજ્યના આઠ કોર્પોરેશન અને ૨૮ જિલ્લામાં કોરોનાએ પગપેસારો કર્યો છે. રાજ્યમાં પ્રથમવાર સુરતમાં કોરોના પોઝિટિવનો આંકડો અમદાવાદ કરતા વધી જતાં આરોગ્ય અગ્ર સચિવ જયંતિ રવિ સુરતની ફરી મુલાકાતે દોડી ગયા હતા. સુરતના અગ્રણી ડૉક્ટરો અને અધિકારી સાથે બેઠક કરી હતી. તેમના મત મુજબ હીરા ઉદ્યોગ ફેક્ટરીમાં એસીના કારણે તેમજ કારીગરો નજીક વધુ બેઠા હોવાથી સંક્રમણ વધ્યુ છે. રાજ્યમાં આજે અમદાવાદ કોર્પોરેશનમાં ૯, સુરત કોર્પોરેશનમાં ૪, વડોદરા કોર્પોરેશનમાં ૨, ગાંધીનગરમાં ૨, જુનાગઢ કોર્પોરેશનમાં ૧, પાટણમાં ૧ અને નવસારીમાં ૧ સાથે કુલ ૨૦ લોકોના મોત થયા છે. અમદાવાદ શહેરમાં કદાચ પ્રથમવાર બે માસમાં કોવિડ-૧૯ના કેસ ૨૦૦થી ઓછો નોંધાયો છે. અમદાવાદ શહેરમાં ૧૮૨ અને ગ્રામ્યમાં ૧૫ સાથે ૨૪ કલાકમાં ૧૯૭ થયો છે. આ સાથે અમદાવાદનો કુલ સંક્રમિતનો આંકડો ૨૦૯૧૩ થયો છે. આજે વધુ ૯ મોત કોરોનાને લીધે ૧૪૪૧ કુલ મૃત્યુઆંક થયો છે.

# આજથી અનલોક-૨ શરૂ, દુકાનો રાત્રે ૮ વાગ્યા સુધી રાખી શકાશે ખુલ્લી



**હવે રાજ્યમાં રાત્રે ૧૦થી પરોઢે પાંચ વાગ્યા સુધી કર્ફ્યૂ : હોટલ અને રેસ્ટોરન્ટ પણ રાત્રે ૯ વાગ્યા સુધી ચાલુ રાખી શકાશે**

(જી.એન.એસ.)ગાંધીનગર,તા.૩૦

ગુજરાતમાં કોરોના મહામારી વચ્ચે અનલોક-૧નો આજે છેલ્લો દિવસે છે. ત્યારે આગામી સમયમાં અનલોક-૨ મુદ્દે મુખ્યમંત્રી વિજય રૂપાણીની અધ્યક્ષતામાં એક બેઠક યોજાઈ હતી. બેઠક પુરી થયા પછી રાજ્યમાં અનલોક-૨ કેવું રહેશે તેનો એક મેપ દર્શાવવામાં આવ્યો છે. રાજ્યના મુખ્યમંત્રી વિજય ભાઈ રૂપાણીએ અનલોક ૨ અંતર્ગત આવતીકાલે ૧ જુલાઈ બુધવારથી ગુજરાતમાં દુકાનોને રાત્રે ૮ વાગ્યા સુધી કામકાજ ચાલુ રાખવા દેવાનો નિર્ણય કર્યો છે. આ ઉપરાંત હોટલ અને રેસ્ટોરન્ટ પણ રાત્રે ૯ વાગ્યા સુધી ચાલુ રાખી શકાશે તેવો નિર્ણય પણ મુખ્યમંત્રીએ કર્યો છે. સીએમ વિજય રૂપાણીએ વધુમાં જણાવ્યું હતું કે, ભારત સરકારના દિશા નિર્દેશો અનુસાર સમગ્ર રાજ્યમાં રાત્રે ૧૦ વાગ્યાથી સવારે ૫ વાગ્યા સુધી કરફ્યુનો અમલ કરવાનો રહેશે. કેન્દ્ર સરકારે તારીખ ૧ જુલાઈથી અનલોક ૨ અંતગર્ત જે નવા દિશા નિર્દેશો આપેલા છે તેને પગલે મુખ્યમંત્રીએ ગુજરાતમાં દુકાનો અને હોટલ રેસ્ટોરન્ટ માટે આ બે મહત્વપૂર્ણ નિર્ણયો હાલ કર્યા છે.ગુજરાતમાં અનલૉક-૨ મુદ્દે મુખ્યમંત્રીની અધ્યક્ષતામાં આજે એક બેઠક મળી હતી. આ હાઈપાવર કમિટીની બેઠકમાં લોકડાઉન-૨ મુદ્દે દુકાનો, હોટલ અને રેસ્ટોરન્ટો માટે નિર્ણય લેવાયો છે. બીજી બાજુ કેન્દ્રની ગાઈડલાઈનના આધારે ગુજરાતમાં તેને અમલીકરણ બનાવાઈ છે. આજની હાઈપાવર કમિટીની બેઠકમાં નીતિન પટેલ, પ્રદીપસિંહ ઉપસ્થિત રહ્યા હતા. આ સિવાય આરોગ્ય વિભાગ અને ગૃહ વિભાગના અધિકારીઓ પણ બેઠકમાં હાજર રહ્યા હતા. કેન્દ્ર સરકારની ગાઈડ લાઈનના આધારે રાજ્યમાં અમલીકરણ માટે અંતિમ નિર્ણય આજે મોડી સાંજે રાજ્ય સરકાર નિર્ણય જાહેર કરશે તેવું જણાવાયું હતું.

# સૌથી મોટો પરમાણુ ફ્યુઝનનું ક્રાયોસ્ટેટ ભારતથી ફ્રાન્સ જશે

**વિશ્વમાં ગુજરાતનો ડંકો વાગશે : આ યંત્રને પરમાણુ સંયંત્રનું ફ્રીજ પણ કહેવાય છે કેમ કે એટોમિક ઊર્જાથી નીકળનારી ગરમી, કૂલેંટને ઠંડુ રાખે છે**

સુરત, તા. ૩૦

વિશ્વનું સૌથી મોટું પરમાણુ ફ્યુઝન પ્રોજેક્ટ ફ્રાન્સમાં બની રહ્યું છે. તેને બનાવવામાં અંદાજે ડોઢ લાખ રૂપિયા લાગી રહ્યાં છે. આ પ્રોજેક્ટમાં ભારતની મોટી ભૂમિકા છે. પરમાણુ સંયંત્રનું હદય કહેવાતું એવું યંત્ર ભારતે બનાવ્યું છે. આ યંત્રને ક્રાયોસ્ટેટ કહેવાય છે અથવા તો તેને પરમાણુ સંયંત્રનું ફ્રીજ પણ કહી શકાય છે. કેમ કે આ એટોમિક ઉર્જાથી નીકળનારી ગરમી, કૂલેંટ વગેરેને ઠંડુ રાખે છે. તસ્વીરમાં દેખાઈ રહ્યું છે કે સ્ટીલનો ઢાંચો ફ્રીજનું કવર છે. મહત્વનું છે કે, આજે સમગ્ર વિશ્વમાં ભારતનો અને એમાંય વિશેષે કરીને ગુજરાતનો ડંકો વાગવા જઈ રહ્યો છે. વિશ્વની સૌથી મોટી ન્યુકિલઅર ફ્યુઝન રિએક્ટર માટે સુરતની હજીરામાં આવેલી L&T હેવી એન્જિનિયરિંગ દ્વારા મેક ઈન ઈન્ડિયા પહેલ અંતર્ગત બનાવવામાં આવેલ “ક્રાયોસ્ટેટ” ટોપ લીડનો અંતિમ ભાગ ભારતથી ફ્રાન્સ ખાતે રવાના કરાશે. ભારતીય કંપની L&T દ્વારા વિશ્વનાં સૌથી મોટા ન્યૂક્લિયરર ફ્યુઝન રિએક્ટરનાં સૌથી મોટા સેક્શન ૧૨૫૦ એમટીનાં ક્રાયોસ્ટેટ બેઝનું નિર્માણ કરવામાં આવ્યું છે કે જે મેક ઈન ઈન્ડિયા પ્રોજેક્ટ અંતર્ગત કરવામાં આવ્યું છે. આજે તેનો અંતિમ પાર્ટ ટોપ લિડ સેક્ટર્સ હજીરાથી ફ્રાન્સ ખાતે રવાના થશે. દોઢ લાખ કરોડ રૂપિયાનાં ખર્ચે ફ્રાન્સમાં બની રહેલા વિશ્વનાં સૌથી મોટા પરમાણુ ફ્યૂઝન પ્રોજેક્ટમાં ભારતનું સૌથી મહત્ત્વપૂર્ણ યોગદાન છે. જેમાં ગુજરાતનું વિશેષ યોગદાન છે. L&T કંપનીએ તાજેતરમાં જ જણાવ્યું હતું કે, “L&T ની એન્જિનિયરિંગ ટીમે લોકડાઉન દરમિયાન ૧૨૫૦ ટનનાં ક્રાયોસ્ટેટને તૈયાર કરવા માટે મશીનની આપૂર્તિ કરી હતી, જેને લીધે તેની બનાવટમાં કોઈ મોડું ન થાય. ક્રાયોસ્ટેટ રિએક્ટરનું વેક્યુમ વેસલનાં ચારે બાજુથી અભેદ્ય કન્ટેનર બનાવે છે અને એક મોટા રેફ્રિજરેટર તરીકે તે કામ કરે છે. ભારત એ ૭ દેશોમાં સામેલ છે કે જે ફ્રાન્સનાં કેડારાચમાં ૨૦ અરબ અમેરિકન ડોલરનાં આંતરરાષ્ટ્રીય થર્મોન્યૂક્લિયર પ્રાયોગિક રિએક્ટર (ITEE) નો ભાગ છે. તે વિશ્વની સૌથી મોટી શોધમાંની એક છે. ઈન્ટરનેશનલ થર્મોન્યૂક્લિયર એક્સપેરિમેન્ટલ રિએક્ટર (ITEE)નું સભ્ય દેશ હોવાને કારણે ભારતે આ ક્રાયોસ્ટેટને બનાવવાની જવાબદારી લીધી છે. પહેલા આ પ્રોજેક્ટ ચીનને મળવાનો હતો પરંતુ તેને ભારતે લઈ લીધો. ફ્રાંસમાં બની રહેલ વિશ્વનું સૌથી પરમાણુ સંયંત્રમાં જ્યારે કામ શરૂ થશે ત્યારે ત્યાં તાપમાન ૧૫ કરોડ ડિગ્રી સેલ્સિયસ થઈ જશે. જે સૂર્યનાં કેન્દ્રથી ૧૦ ગણું વધારે હશે. આ ગરમીને શાંત કરવા માટે ક્રાયોસ્ટેટ લગાવવામાં આવશે. ક્રાયોસ્ટેટ એટલે કે પરમાણુ સંયંત્રનાં ફ્રીજનું કુલ વજન ૩૮૫૦ ટન છે. તેનું ૫૦મો અને અંતિમ ભાગનું વજન અંદાજે ૬૫૦ ટન છે. આ ભાગ ૨૯.૪ મીટર પહોળો અને ૨૯ મીટર ઊંચો છે. ભારત, અમેરિકા, જાપાન, રશિયા સહિત ૭ દેશમાં મળીને આ નવો એટોમિક પ્લાન્ટ બનાવી રહ્યું છે. જેને નાનો સૂરજ કહેવામાં આવી રહેલ છે. ક્રાયોસ્ટેટનો નીચો ભાગ છેલ્લે ૭ જુલાઈનાં રોજ મોકલવામાં આવ્યો હતો. જ્યારે આ વર્ષે માર્ચમાં તેની ઉપરનાં સિલેન્ડરને મોકલાયું હતું જ્યારે હવે તેનું ઢાંકણું મોકલવામાં આવી રહ્યું છે.



## ૮ વિધાનસભા બઠકો પર સપ્ટે. સુધીમાં પેટાચૂંટણી

અમદાવાદ, તા. ૩૦

રાજયમાં ૮ વિધાન સભામા પેટાચૂંટણી મામલો જુલાઈના અંતિમ સપ્તાહમાં કેન્દ્રીય ચૂંટણીપંચ બહાર પાડશે નોટીફીકેશન. ૧૫ સપ્ટેમ્બર સુધી ચૂંટણી પરિણામો સાથે પૂર્ણ કરવામા આવશે. આ અંગે ચૂંટણી પંચે કવાયત હાથ ધરી છે. ૮ વિધાનસભા મતદાર સુધારણા યાદી ઝુંબેશ હાથ ધરવામાં આવી છે. જેમાં બુથની સંખ્યા બમણી કરાશે. કોરોનાના કારણે બુથની સંખ્યા વધારવા કવાયત હાથ ધરાઈ છે. જિલ્લાઓમાં મતદાન મથકો કયાં ઊભા કરી શકાય એ માટે સ્થળ પસંદગી કરવામાં આવ્યા છે. સામાન્ય રીતે એક વિધાન સભા મા ૨૩૦ થી ૨૫૦ બુથ હોય છેસોસિશયલ ડિસ્ટનનાં નિયમ માટે ૫૦૦ જેટલા બુથ એક વિધાનસભામાં ઊભા કરવા પડશે. સરકારી મિલ્કતો સાથે પ્રાઈવેટ મકાનો પર પણ આ વખતે બુથ ઊભા કરાશે.

# ગુજરાત ATSએ ૫૦ હથિયારો સાથે કરી ૧૩ લોકોની કરી ધરપકડ

**રાજ્યના પાંચ જિલ્લામાં ગેરકાયદે હથિયાર રાખવાના નેટવર્કનો પર્દાફાશ**



(જી.એન.એસ.)ગાંધીનગર,તા.૩૦

ગુજરાત એટીએસને આજે વધુ એક મોટી સફળતા મળી છે. આજે ગુજરાત એટીએસએ વધુ ૫૦ વિદેશી હથિયાર જપ્ત કર્યા છે. ગત અઠવાડિયે ગુજરાતના અલગ અલગ જિલ્લાઓમાં દરોડા પાડી ૫૪ વધુ હથિયાર જપ્ત કરી ૯ આરોપીની ધરપકડ કર્યા બાદ તાજેતરમાં વધુ ૫૦ હથિયારો સાથે ૧૩ આરોપીઓની ધરપકડ કરી છે. નેપાળથી આવેલા હથિયાર અંગે તપાસ ચાલુ છે. આ ઘટનામાં તરૂણ ગુપ્તા સિવાય હથિયાર કોણ એસેમ્બલ કરતુ હતુ તેની તપાસ હાથ ધરી છે.

ગુજરાત એટીએસએ આજે કચ્છ, સુરેન્દ્રનગર, મોરબી સહિતના શહેરોમાં દરોડા પાડી અને આ હથિયાર જપ્ત કર્યા છે. અમદાવાદમાં ગેરકાયદેસર ગનની ડિલ કરતા ગાન હાઉસના માલિક તરુણ ગુપ્તાની પણ ધરપકડ કરી તેમની પૂછપરછ શરૂ કરી હતી. ગુજરાત એટીએસે અમદાવાદ સહિત રાજ્યના પાંચ જિલ્લામાં ગેરકાયદે હથિયાર રાખવાના નેટવર્કનો પર્દાફાશ કરી ૫૦ ગેરકાયદે વિદેશી અને ભારતીય બનાવટનાં હથિયાર કારતૂસ સાથે ૧૩ આરોપીની ધરપકડ કરી છે. છેલ્લા નવ દિવસથી એટીએસની ટીમો અમદાવાદ સહિત કચ્છ મોરબી ભાવનગર અને અમરેલીમાં વિવિધ સ્થળે દરોડા પાડી રહી હતી, જેમાં અત્યાર સુધીમાં કુલ ૫૦ જેટલા ગેરકાયદે ભારતીય અને વિદેશી બનાવટનાં હથિયારો કબજે લેવામાં આવ્યાં છે.

એટીએસની ટીમે આ મામલે અમદાવાદના ઈસ્કોન ચાર રસ્તા પાસેથી મુસ્તાક ગુલ મોહમ્મદ બલોચ (ઉં. વ. ૪૨, વાંકાનેર)ને લોડેડ રિવૉલ્વર તથા ચાર કારતૂસ સાથે તેમ જ વાહિદખાન અશરફખાન પઠાણ (ઉ.વ. ૩૩, ગામ કોઠ ગાંગડ, બાવળા)ને એક પિસ્તોલ તથા ચાર જીવતા કારતૂસ સાથે પકડી પાડ્યો છે.

# રાજ્યમાં આગામી ૫ દિવસ વરસાદની વકી, અનેક વિસ્તારોમાં નોંધાયો વરસાદ

**છેલ્લા ૨૪ કલાકમાં ગોંડલમાં જળબંબાકારની સ્થિતિ**



(જી.એન.એસ.)ગાંધીનગર,તા.૩૦

હવામાન વિભાગ દ્વારા આગામી ૪૮ કલાકમાં ભારેથી અતિભારે વરસાદની આગાહી કરવામાં આવી છે. અમદાવાદમાં ૩૦મી જૂનના રોજ વરસાદની આગાહી કરવામાં આવી છે, ત્યારે આજે વહેલી સવારથી વાતાવરણમાં પલટો જોવા મળ્યો હતો. અમદાવાદના અનેક વિસ્તારોમાં વરસાદ ખાબકી રહ્યો છે. ગુજરાતમાં આગામી ૪૮ કલાકની અંદર રાજ્યના વિવિધ વિસ્તારોમાં પવન સાથે વરસાદ પડવાની શક્યતા હોવાથી ગરમીમાં ઘટાડો થવાના સંકેત હવામાન વિભાગે આપ્યા છે. આગામી ૪ દિવસ વરસાદની આગાહી છે. આગામી ૫ દિવસ રાજ્યના મોટાભાગના જિલ્લાઓમાં સામાન્ય વરસાદ પડી શકે છે. હવામાન વિભાગે આ આગાહી કરી છે. અમદાવાદમાં વાતાવરણમાં પલટો આવ્યો છે. કેટલાક વિસ્તારોમાં ભારે પવન સાથે વરસાદ શરૂ થયો છે અને વીજળીના કડાકા શરૂ થયા છે.

હવામાન વિભાગ દ્વારા અમદાવાદ, વડોદરા, આણંદ, ખેડા સહિત અનેક શહેરોમાં સામાન્ય વરસાદની આગાહી આપવામાં આવી છે. આગામી ૫ દિવસ વરસાદની આગાહી છે. અમદાવાદમાં છેલ્લા કેટલાક દિવસોથી લોકો ગરમીથી ત્રાહિમામ પોકારી રહ્યા છે. ત્યારે જો આજે વરસાદ પડે તો લોકોને ગરમીથી રાહત મળી શકે છે. આજથી નવસારી, ભાવનગર, વલસાડ,દીવ-દાદરા નગર હવેલી સહિતના વિસ્તારોમાં ભારે વરસાદ પડી શકે છે. જ્યારે પંચમહાલ, રાજકોટ, દ્વારકા, તેમજ આણંદમાં સામાન્ય વરસાદ પડી શકે છે. તો આ તરફ અમરેલી, ભાવનગર, ગીર સોમનાથ અને કચ્છને પણ મેઘરાજા ધમરોડી શકે છે. અમરેલીના ખાંભા પંથકમાં વહેલી સવારથી વાતાવરણમાં પલટો જોવા મળ્યો હતો. અમરેલીના ખાંભા પથકમાં વહેલી સવારથી વરસાદ પડી રહ્યો છે. હાલ નાનુડી, પીપળવા, ખડાધારમાં વરસાદ પડી રહ્યો છે. આ સિવાય ડેડાણ, પચપચીયા, ભાડમાં વરસાદ પડી રહ્યો છે. વરસાદ પડતા ખેડૂતોમાં ખુશી અને લોકોએ હાશકારો અનુભવ્યો છે. પાંચ દિવસના વિરામ બાદ વરસાદ વરસતા જગતનો તાત ખુશખુશાલ થયો છે.

# સિવિલ હોસ્પિટલમાં પ્લાઝમા બેન્કની સ્થાપના કરવામાં આવી

**૨૪ જૂનના રોજ પ્લાઝમા બેન્ક કાર્યરત : ૩૦ કરતાં વધુ પ્લાઝમા ડોનર દ્વારા રક્તદાન કરવામાં આવ્યું જેમાં સિવિલ હોસ્પિટલના ડોક્ટર્સનો પણ સમાવેશ**

અમદાવાદ,તા.૩૦

અમદાવાદ સિવિલમાં ડેડિકેટેડ ૧૨૦૦ બેડ કોવિડ હોસ્પિટલ ખાતે દેશની સૌ પ્રથમ પ્લાઝમા બેન્ક ૨૪ જૂનથી કાર્યરત કરવામાં આવી છે. અત્યાર સુધીમાં ૩૦ કરતાં વધુ પ્લાઝમા ડોનર દ્વારા રક્તદાન કરવામાં આવ્યું છે જેમાં સિવિલ હોસ્પિટલના ડોક્ટર્સનો પણ સમાવેશ થાય છે. ડિપાર્ટમેન્ટ ઑફ ઈમ્યુનોહિમેટોલોજી અને બ્લડ ટ્રાન્સફ્યુઝન દ્વારા અદ્યત્તન મશીન મારફતે કોવિડના સાજાં થયેલાં દર્દીઓને પ્લાઝમા ડોનેટ કરવા માટે પ્રોત્સાહિત કરવામાં આવે છે. ડોનર પાસેથી પ્લાઝમા એકત્ર કરતી વખતે આઈસીએમઆર અને એનબીટીસીની ગાઈડલાઈનને સંપૂર્ણપણે અનુસરવામાં આવે છે. પ્લાઝમા લેતી વખતે ડોનરનું એન્ટી બોડી સ્કિનિંગ ટેસ્ટ પણ કરવામાં આવે છે. કોરોનામુક્ત થયેલાં દર્દીમાં એન્ટીબોડી ડેવલપ થાય તેનું જ પ્લાઝમા લેવામાં આવે છે. આ પ્લાઝમામાં કોરોના વાયરસ સામેની એન્ટીબોડી હોય છે. કોરોનાની બીમારીમાંથી સાજા થયેલાં દર્દીના શરીરમાં વાયરસ સામે એન્ટીબોડી ઉત્પન થાય છે. આ એન્ટીબોડી સાજા થયેલાં દર્દીના શરીરમાંથી નીકાળીને કોરોનાગ્રસ્ત દર્દીના શરીરમાં દાખલ કરવામાં આવે છે. લોહીમાં રક્તકણો અને તેનો પ્રવાહી ભાગ હોય છે જેને પ્લાઝમા તરીકે ઓળખવામાં આવે છે. કોવિડ-૧૯ના ઈન્ફેક્શનમાંથી સાજા થઈ ગયેલા દર્દીઓના પ્લાઝમામાં રોગપ્રતિકારક એન્ટીબોડી હોવાની શક્યતા હોય છે. સાજા થયેલાં દર્દીના પ્લાઝમાને “કન્વેર્લિસેન્ટ પ્લાઝમા” કહેવાય છે જે કોરોનાના દર્દીને આપવાથી દર્દી સાજો થવાની શક્યતા વધી જાય છે. આ પ્રકારના દર્દીઓ માટે વિશેષ રીતે પ્લાઝમા બેન્ક શરૂ કરવામાં આવી છે. કોવિડ હોસ્પિટલમાં કોરોનાની સારવાર માટે દાખલ થયેલા દર્દીઓ કે જેઓને તાવ અને કફ જેવા કોવિડ-૧૯ ના લક્ષણો, આરટી-પીસીઆર થી કોવિડ-૧૯નો પોઝેટ-ીવ રીપોર્ટ હોય તેવા દર્દીઓ જ્યારે રોગમુક્ત થયાના ૨૮ દિવસ પછી અથવા ૧૪ દિવસ પછી ૨૪ કલાકના અંતરે કોવિડ-૧૯ના ૨ આરટી- પીસીઆર નેગેટીવ રીપોર્ટ ધરાવતા હોય તેવા સાજાં થયેલાં દર્દીઓની ઉંમર ૧૮ થી ૬૫ વર્ષ, વજન ૫૦ કિલોથી વધારે તેમજ હિમોગ્લોબિન ૧૨.૦૫ ટકાથી વધારે હોય તેવા ડોનર પાસેથી ડિપાર્ટમેન્ટ ઑફ ઈમ્યુનોહિમેટોલોજી અને બ્લડ ટ્રાન્સફ્યુઝન દ્વારા પ્લાઝમા લેવામાં આવે છે. રક્તદાતાને તમામ પ્રકારની માહિતી આપી અને મંજૂરી પ્રાપ્ત કર્યા બાદ બ્લડ બેંકમાં એફેરેસીસ નામના મશીનમાં લોહીના ઘટકો અલગ પાડીને ૫૦૦ મીલી પ્લાઝમા એકત્ર કરવામાં આવે છે અને બાકીના રક્તદાતાના શરીરમાં પરત આપી દેવામાં આવે છે. કન્વેર્લિસેન્ટ પ્લાઝમા ડોનેશન એકદમ સરળ અને સંપૂર્ણપણે સુરક્ષિત પક્રિયા છે. જેમાં માત્ર લોહીનો એકજ ઘટક પ્લાઝમા ડોનેટ કરવામાં આવે છે. પ્લાઝમા ડોનર એકવાર ડોનેટ કર્યા બાદ બીજા ૧૫ દિવસ પછી ફરી કન્વેર્લિસેન્ટ પ્લાઝમા ડોનેટ કરી શકે છે. સિવિલ હોસ્પિટલના ખાસ ફરજ પરના અધિકારી ડૉ. એમએમ પ્રભાકરે જણાવ્યું કે, કોરોનાનાં મધ્યમ કક્ષાનાં લક્ષણો ધરાવતા હોય અને બાહ્ય ઓક્સિજનની જરૂર હોય તેવા દર્દીને પ્લાઝમા આપવાથી તેના સ્વાસ્થયમાં ઝડપથી સુધારો જોવા મળે છે. દરેક દર્દીને ૨૦૦ મિલી લિટર કન્વેર્લિસેન્ટ પ્લાઝના બે ડોઝ ચડાવવામાં આવે છે.

Printed by **RAJESH JASVANTRAY MANIYAR,** Published by **RAJESH JASVANTRAY MANIYAR** on behalf of (or owned by) **RAJESH JASVANTRAY MANIYAR** and Printed at RAJ PRINTERS PLOT NO. F-13 RUVAPARI ROAD BHAVNAGAR (GUJARAT) and published at 704 AKHBARBHAVAN.SECTOR 11,GANDHINAGAR {GUJARAT) **Editor RAJESH J. MANIYAR**